**સુવિચાર**

પહેલાનાં વખતમાં માણસને ઠારવા માટેની સ્પર્ધાઓ થતી. આજે માણસને બળતો રાખવાની સ્પર્ધાઓ ચાલી રહી છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૬/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ વૈશાખ વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૧૪૫

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)




નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## બાબરાનાં ચમારડીનાં વતની ગોપાલ વસ્તરપરાનો ૬૦માં જન્મદિને સંકલ્પ

# એક લાખ વૃક્ષનું વાવેતર કરનાર વધુ ૬૦ હજાર વૃક્ષનું કરશે વાવેતર


**પર્યાવરણપ્રેમી ભામાશા આગામી એક વર્ષમાં ૬૦ હજાર જુદા-જુદા વૃક્ષોનું વાવેતર કરશે અને કરાવશે**


**લીમડા, પીપળા, આંબા તેમજ ચીકુ, જમરૂખ, નાળીયેરી સહિતનાં વૃક્ષોનાં રોપાનું વિનામૂલ્યે કરશે વિતરણ**

**જે કોઈ વ્યકિત ૩ વર્ષ સુધી વૃક્ષોનું જતન કરી ઉછેર કરશે તેને રૂપિયા ૫ હજારનું ઈનામ અપાશે**

**ચમારડીનાં રાધે ફાર્મ ખાતે તમામ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે**





















અમરેલી, તા. ૩૧

બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ, ખોડલધામનાંમુખ્યદાતા, સમૂહલગ્નનાં પ્રણેતા, સરદાર પટેલની એક હજાર પ્રતિમાની સ્થાપનાં કરાવનાર પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ આજ સુધીમાં એક લાખ વૃક્ષનુંવાવેતર કરીનેતેનોઉછેર કરવાનું ઐતહિાસિક કાર્ય કર્યા બાદ તેઓએ આજનાં તેમનાં ૬૦માં જન્મદિને આગામી એક વર્ષમાં ૬૦હજાર વૃક્ષોનું વાવેતર કરવા અને કરાવવાનો સંકલ્પ કર્યો છે.

તેઓએ જન્મદિને જણાવ્યું કે, તેઓએ એક વર્ષમાં આંબા, લીમડા, પીપળો, નાળિયેરી, વડલા સહિતનાં વૃક્ષો તેમજ ચીકુ, જમરૂખ, આંબા સહિતનાં ફળદ્રુપ વૃક્ષોનાં ૬૦ હજાર રોપાનું વિનામૂલ્યે વિતરણ આગામી દિવસોમાં શરૂ કરશે અને જે કોઈ વ્યકિત ૩ વર્ષ સુધી વૃક્ષનો ઉછેર કરી આપશે તેમને રૂપિયા પાંચહજારનુંઈનામ અપાશે અને રોપાનું વિતરણ ચમારડીનાં રાધે ફાર્મ ખાતેથી થશે.

વધુમાં જણાવેલ છે કે, હાલ સમસ્ત દેશમાં ગ્લોબલ વોર્મિંગનાં કારણે ઋતુ ચક્ર બદલાઈ રહ્યું, સમસ્ત દેશમાં તીવ્ર ગરમીનાં કારણે સામાન્ય નાગરિકોને ખૂબ જ તકલીફ પડે છે. આ સમસ્યાનું એક સમાધાન વૃક્ષોનું વાવેતર છે. મેં મારા ખેતર અને ઘર અને વિસ્તારમાં આજદિન સુધી ૧,૦૦,૦૦૦ જેટલા વૃક્ષો વાવીને ઉજેરીયા છે. પરંતુ કુદરતી વધતી સમસ્યાને ધ્યાનમાં રાખી આવનારી પહેલી જૂનનાં રોજ મારા જન્મ દિવસે અમારા ગામ તથા બાબરા તાલુકાના ગામોમાં ૬૦,૦૦૦ જેટલા વૃક્ષો વાવીને ઉછેરવાનો સંકલ્પ કરાયો છે.

આથી અગાઉ પણ પ્રકૃતિની રક્ષા અને જતન માટે અમે અનેકો કાર્યો કર્યા છે. જેમકે ૨૦૦૬માં ગૌમાતા સેવા માટે ટ્રસ્ટ બનાવી રખડતા પશુઓની સેવા કરવાનો સંકલ્પ કર્યો. જેના ફળરૂપી હાલ ૫૦૦થી પણ ગાયોની સેવા ચાલુ છે. ૨૦૧૩માં "ત્રિવિધ કાર્યક્રમ" યાને કે વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ તેમજ ગૌચર સુધારણા અભિયાનનું આયોજન કર્યુ હતું. જેમાં તે સમયના કૃષિમંત્રી ગોવિંદભાઈ પટેલ અને અન્ય મંત્રીઓ પણ હાજર રહ્યા હતા. તે કાર્યક્રમ દરમિયાન એક જ દિવસમાં ૧૧,૦૦૦ વૃક્ષો વાવ્યા હતા અને બાબરા પંથકમાં ટોટલ ૫૦,૦૦૦થી પણ વધારે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

જી.પી. વસ્તરપરા ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળ "સર્વ ધર્મ, સર્વ સમાજ" ના સ્લોગન હેઠળ ૭૫૦ દીકરીઓના લગ્ન કરાવ્યા છે અને કરિયાવરમાં દરેક દીકરીને બે-બે વૃક્ષ આપી તેનું જતન કરવાનો સંકલ્પ પણ અમે કરાવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા ચાલતી સુજલામ સુફલામ યોજના દરમિયાન અમે ચમારડી અને આસપાસના ગામે નદી અને અઅનેકો તળાવો ઊંડા કરાવ્યા હતા.

સમાજહિત કે પ્રકૃતિના હિત માટેની તમામ યોજનાઓને ઘર-ઘર, ગામ-ગામ સુધી પહોંચાડીને પાર પાડી છે. છેલ્લા અઠવાડિયે અમરેલી જિલ્લામાં અને બાબરા તાલુકામાં પરમિશન વગર કપાતા વૃક્ષો માટે ધ્યાન દોર્યુ હતું. નાગરિકને પણ પર્યાવરણ હિત માટે જાગૃત થવું જરૂરી છે. તેને ધ્યાનમાં રાખી શરૂઆત મારાથી/મારા ગામથી કરી રહ્યો છું તેમ અંતમાં જણાવેલ છે.

## એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

# રાજુલાનાં જુની કાતર ગામેથી બનાવટી તબીબને ઝડપી લેવાયો

**સંજયભાઈ મોર સામે કાર્યવાહી કરાઈ**

અમરેલી, તા. તા. ૩૧

અમરેલીનાં પોલીસ અધિક્ષક હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લામાં ડિગ્રી વગર કિલનિક ચલાવી મેડિકલ પ્રેકિટસ કરતા બોગસ ડોકટર કૃત્યથી માનવજીંદગી જોખમાય તેમ હોય તેવુ આવા બોગસ ડોકટરો જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ હોય. જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પે. આર.ડી. ચૌધરી, પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં આવા બોગસ ડોકટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા




સતત પ્રયત્નશીલ રહેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે જુની કાતર ગામે પંચોળીપરામાં અરજણભાઈ રામભાઈ બલદાણીયા ભાડાના મકાનમાં નામ વગરનું કિલનિક ચલાવતા મુળ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ભોજદે ગામના વતની

અનુસંધાન પાના ૬ ઉપર

## અઢી વર્ષ પહેલા સહજાનંદનગરમાં બનાવ બન્યો હતો

# અમરેલીમાં પુત્રવધુની કરપીણ હત્યાનાં બનાવમાં સસરાને આજીવનકેદની સજા ફટકારવામાં આવી

**સરકારી એડવોકેટ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૩૧

અમરેલીનાં હનુમાનપરા રોડ ઉપર આવેલ સહજાનંદનગર શેરી નં. ૨ માં રહેતા પુનમબેન દેવેન્દ્રભાઈ વાઘેલા નામની પરિણીતા ગત તા. ૬/૮/૨૧નાં રોજ પોતાના ઘરે હતા ત્યારે તેણીનાં સસરા અને નિવૃત્ત પોલીસ ઈન્સ્પેકટર ગીરીશભાઈ નટવરલાલ વાઘેલા પોતાનું મોટરસાયકલ લઈ આવી અને પોતાને તથા પોતાના પુત્ર તથા પત્નીને આ પરિણીતા પુનમબેનને રાખવા ન હોય. જેથી શારીરિક-માનસિક ત્રાસ આપતા હોય. જેથી પરિણીતાનાં સસરાએ પોતાના પુત્રવધુને આડેધડ છરીના ઘા મારી ગંભીર હાલતમાં ત્યાં જ ઘરમાં છોડી દઈ સસરા મોટરસાયકલ લઈ ચાલ્યા ગયા હતા અને બાદમાં પોતે કપડા બદલાવી અમરેલીની રાધિકા હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. બાદમાં પરિણીતાનો પુત્ર સ્કૂલેથી ઘરે આવ્યા બાદ પોતાની માતાને ગંભીર હાલતમાં જોઈ જતાં એમ્બ્યુલન્સમાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલ હતા. બાદમાં આ પરિણીતાનું તા. ૮/૮/૨૧નાં રોજ મોત થતાં આ બનાવમાં રાજકોટનાં ફાલ્ગુનીબેન સંજયભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ગોળીબારનાં ટેકરા પાસેની ઘટના

# અમરેલીની ઠેબી નદીમાં કુદરતી હાજતે જવા ગયેલ યુવકનું પાણીમાં ડુબી જતાં મોત

**અશોકભાઈ જાવ (ઉ.વ. ૨૦)નું નિધન થયુ**

અમરેલી તા. ૩૧

અમરેલી ગાયત્રી મંદિર રોડ ગોળીબારના ટેકરા પાસે રહેતા અશોકભાઈ ખીમજીભાઈ જાવ નામનાં ૨૦ વર્ષિય યુવક ગત તા.૨૯ માં સાંજના ચારેક વાગ્યાના સુમારે પોતે અમરેલી ઠેબી નદીમા કુદરની હાજતે જવા ગયેલ અને ત્યાં કોઈ કારણો ઠેબી નદીના પાણીમાં પડી જવાથી પાણીમાં ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## એનડીએ અને ઈન્ડિયા ગઠબંધન અઢીસો આસપાસ બેઠક મેળવશે તેવી ચર્ચા

# લોકસભા ચૂંટણીનાં ત્રિશંકુ પરિણામની સંભાવના

**વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૯માં યોજાયેલ ચૂંટણી જેવો કોઈ માહોલ જ જોવા ન મળ્યો**

**સત્તાધારી પક્ષનાં જૂના અને જાણીતા ભાષણોથી જનતા પણ કંટાળી ચુકી છે**

**વિપક્ષી નેતાઓ મોંઘવારી, બેરોજગારી, બંધારણ પર ખતરો, મહિલા સુરક્ષા બાબતે આક્રમક રહ્યા**

**મમતા, નવિન, અને જગન રેડી વગર સરકાર બનાવવી એનડીએ, ઈન્ડિયાને મુશ્કેલ**

અમરેલી, તા. ૩૧

વિશ્વમાં સૌથી મોટી લોકશાહી શાસન ધરાવતાં ભારત દેશની લોકસભાની ૫૪૩ બેઠકો માટે ૭ તબકકાનું મતદાન યોજાઈ રહ્યું છે. જેમાં ૬ તબકકાનું મતદાન પૂર્ણ થઈ ચુકયું છે અને આવતીકાલ શનિવારે ૭માં છેલ્લા તબકકાનું મતદાન અને ૪ જૂનને મંગળવારનાં રોજ મત ગણતરી થવાની છે અને આ ચૂંટણીમાં દેશનાં ૬૦ થી ૭૦ કરોડ મતદારો મતદાન કરશે.

દરમિયાન ભારત દેશની ચૂંટણીનાં પરિણામ ઉપર ભારત દેશની જનતા ઉપરાંત સમગ્ર વિશ્વનાં દેશોના વડાઓ, મીડિયા જગતની પણ નજર મંડાયેલી છે. ત્યારે પરિણામ શું આવશે તે અંગે રાજકીય નિરીક્ષકો, આઈબી, મીડિયા, સટ્ટાબજાર સહિત તમામ રાજકીય પક્ષોનાં કરોડો કાર્યકરો, આગેવાનોની નજર મંડાયેલી છે.

મોટાભાગનાં સર્વેયરનું માનવું છે કે ભારતની ચૂંટણીનું પરિણામ ત્રિશંકુ આવી શકે તેમ છે કારણ કે વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૯ની ચૂંટણી જેવો કોઈ માહોલ જોવા મળતો નથી. સત્તા પક્ષ તરફી કોઈ માહોલ જોવા ન મળ્યો. સત્તાપક્ષનાં મુખ્યા મંગળસુત્રપ મટન, માછલી, મુસલમાન અને છેલ્લે મહાત્મા ગાંધીમાં વ્યસ્ત રહ્યા અને છેલ્લે મેડિટેશનમાં ૪૮ કલાક માટે જતા રહ્યા.

બીજી તરફ વિપક્ષી નેતાઓએ મોંઘવારી, બેરોજગારી, અગ્નિવીર, મહિલા સુરક્ષા, ખેડૂતો, બંધારણ જેવા દેશવાસીઓને સ્પર્શતા પ્રશ્નોનો મારો ચલાવ્યો અને તેઓની જનસભામાં ભીડ પણ એકત્ર થતી જોવા મળી.

એક અંદાજ મુજબ એનડીએ અને ઈન્ડિયા બંનેની બેઠક ૨૩૦ થી ૨૫૦ વચ્ચે આવે તેવી શકયતા જોવા મળી રહી છે. એટલે મમતા બેનરજી, નવિન પટનાયક અને જગન રેડી જેવા ૩–૩ મુખ્યમંત્રીઓનાં પક્ષને ૪૦થી ૫૦ બેઠકો મળવાની સંભાવનાં હોવાથી તેઓ ધારે તેને પ્રધાનમંત્રી બનાવી શકે તેવી પરિસ્થિતિની શકયતા સૌથ નિહાળી રહ્યા છે.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલાનાં અમુલી ગામે થયેલ હત્યા કેસનાં એક આરોપીની અટકાયત

**આરોપી નરેશભાઈ સોલંકી વિરૂઘ્ધ કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૩૧

મહુવા તાલુકાના દુધેરી ગામે રહેતા જેન્તીભાઈ પાંસાભાઈ શિયાળ ગત તા. ૨૫ નાં સવારનાં આશરે નવેક વાગ્યે દુધેરી ગામેથી બાબરીયાધાર તથા અમુલી ગામે વાડી ભાગવી રાખવા માટે તેના જ ગામના વિહાભાઈ ભાલીયા સાથે ગયેલ હોય. જયાં તેના જ ગામના નરેશભાઈ સોલંકીએ ત્યાં અમુલી ગામની સીમમાં ભાગવું રાખતા હોય અને સાંજના આઠેક વાગ્યા પહેલા કોઈપણ સમયે જેન્તીભાઈ પાંસાભાઈ શિયાળને કોઈપણ કારણોસર આ કામના આરોપીઓ વિહાભાઈ ભાલીયા તથા નરેશભાઈ સોલંકીએ સાથે મળીને માથાના ભાગે ઈજા કરી મોત નિપજાવી જેન્તીભાઈ પાંસાભાઈ શિયાળની લાશ અમુલી ગામની સીમ વિસ્તારમાં આસરાણા જવાના કાચા રસ્તાના ખાળીયામાં મુકી દીધેલ હતી.

જે ગંભીર બનાવ બાબતે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે તાત્કાલીક અમરેલી એલસીબી ટીમ તથા રાજુલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જી.એમ. જાડેજા તેમજ પીએસઆઈ એમ.એફ. ચૌહાણ તથા રાજુલા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ તથા રાજુલા પોલીસ સ્ટેશનની અલગ–અલગ ટીમો બનાવી બનાવ બાબતે ગંભીરતા લઈ મજકુર બંને આરોપીઓ ગુન્હો કરી નાસી ગયેલ હોવાની હકીકત મળતા આરોપી પકડી પાડવા ટેકનીકલ સોર્સ તેમજ અમરેલી એલસીબી ટીમ તથા રાજુલા સર્વેલન્સ સ્કોડને મળેલ સંયુકત બાતમી આધારે નરેશભાઈ રમેશભાઈ સોલંકી નામના આરોપીને અમુલી ગામની સીમમાંથી પકડી પાડેલ છે.

## અધિકારીઓની ટીમે નિષ્પક્ષ કામગીરી શરૂ કરી

# બગસરામાં ૫૮ જેટલી દુકાનો ધરાવતા મહાકાય કોમર્શિયલ કોમ્પ્લેક્ષને ફાયર સેફટીના અભાવે સિલ મારી દેવાયુ

**આગામી દિવસોમાં પણ ફાયર સેફટીની ચકાસણી શરૂ રહેશે**





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૩૧

બગસરામાં પાલિકા દ્વારા શરાફી સહકારી મંડળી સહિત ૫૮ જેટલી દુકાનો ધરાવતું મારૂતિ કોમ્પલેક્ષ સિલ કરવામાં આવ્યું હતું. જયારે આ કોમ્પલેક્ષ શહેરની મધ્યમાં તેમજ ખૂબ જ પોષ વિસ્તારમાં આવેલ છે અને આ કોમ્પલેક્ષમાં એક સહકારી મંડળી પણ આવેલ છે ત્યારે પાલિકા દ્વારા તેમજ મામલદાર તેમજ પ્રાંત અધિકારી અને પોલિસ સ્ટાફ અને પીજીવીસીએલના અધિકારીઓને સાથે રાખીને આ કોમ્પલેક્ષ આજે સિલ કરવામાં આવેલ છે તેમજ અન્ય શહેરની ઘણી બધી દુકાનોને નોટીસ ફટકારવામાં આવી હતી આ તમામ દુકાનો કે જે શહેર ની મધ્યમાં આવેલ છે તેમજ લોકો ની ખૂબ મોટા પૂમાણમાં અવર જવરના રહેતી હોય છે આવી તમામ દુકાનો ને કે જયાં ફાયર સેફટી નથી કે ફાયર ના બાટલા નથી તે તમામ દુકાનો ને સીલ કરવાની નોટીસ ફટકારવામાં આવી હતી ત્યારે શહેરનાં વેપારી ઓ માં ફફડાટ વ્યાપી ગયેલ છે.આ બાબતે ચીફ ઓફિસર ને પૂછતા તેમણે જણાવ્યું કે હજુ પણ આ કામગીરી પુરજોશમાં ચાલશે અને આ કામગીરી ૧૮ તારીખ સુધી ચાલુ રહેશે અને બગસરા શહેરના તમામ કોમ્પલેક્ષ તમામ ખાનગી સ્કૂલનું પણ ચેકીંગ થયા બાદ જ સ્કૂલ ચાલુ કરવામાં આવશે.

## આગામી ૧૨ જૂનનાં રોજ

# ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગકેમ્પ યોજાશે

**પરિવાર સંસ્થાના વડાએ લાભ લેવા અનુરોધ કર્યો**

ચલાલા તા. ૩૧

ચલાલા– વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૨/૬/૨૦૨૪ બુધવારના રોજ ૨૬૬ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

ઈશાન એન્ડ અનીકા રાયચુરા એન્ડ અલીના રાજા – ટોરન્ટો તેમના નાના દાદા ભુપેન્દ્રભાઈ રાજાના ૭૦ જન્મ દિવસની ઉજવણી નિમિતે – કેનેડાના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકીમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિના મૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, વાના રોગો વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

ઉપકરોત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપકરોત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાના વડા રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## જાગૃત નાગરિકે વહીવટદારને પત્ર પાઠવ્યો

# ચલાલા શહેરની સુંદરતા વધારવા માટે સફાઈ અભિયાન શરૂ કરવા માંગ

ચલાલા તા. ૩૧

ચલાલાના જાગૃત નાગરિકે એડવોકેટ શાંતીલાલ રાઠોડ પાલિકાના વહીવટદારને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવે છે કે, હાલના વર્તમાન સમયસંજોગો અનુસાર ચલાલા નગરનુ બ્યુટિફિકેશન (સુંદરતામાં વધારો)નુ પ્રયોજન કરવું ખૂબ જ જરૂરી બનેલ છે. કોઈપણ શહેરની મેઈન બજારએ સમગ્ર નગરની શોભારૂપ હોય છે જયારે ચલાલા નગરની મેઈન બજારમાં હાલમાં ગંદકીનું પ્રમાણ ખૂબ વધી રહેલ છે મેઈન બજારની કેટલીક શેરીઓ માંથી ગટરો ઉભરાઈને બજારમાં કીચડના કારણે ગંદકી થાય છે તેમજ વૃધ્ધ લોકો પડી જવાના તેમજ મોટર સાયકલ સ્લીપ થવાથી અકસ્માતના બનાવો પણ બને છે. ઉપરાંત પીવાના પાણી પાછળ નગરપાલિકાને પુષ્કળ ખર્ચ થાય છે આથી આ કિંમતી પીવાના પાણીનો બગાડ સત્વરે અટકાવવો જરૂરી બનેલ છે જે અટકાવવા માટે નગરપાલિકાને સતા છે. તેમજ મેઈન બજારમાં શાક માર્કેટમા વ્યવસ્થિત સફાઈનો પણ અભાવ જોવા મળી રહેલ છે તેમજ આ સફાઈ વખતે કયારેય પણ સફાઈ સુપરવાઈઝરો આ કામનું સુપરવિજન કરતા માલુમ પડેલ નથી કેટલાંક કર્મચારીઓ કામ પ્રત્યે બિલ્કુલ બેજવાબદારી ભર્યુ વર્તન કરી રહેલ છે તેઓની કામ પ્રત્યે નિષ્ઠાનો બિલ્કુલ અભાવ જોવા મળેલ છે.

વધુમાં જણાવે છે કે મેઈન બજારની ગંદકીને કારણે ચલાલા શહેરની શોભા બગડી રહી છે પરંતુ આ બાબતે કશી જ કામગીરી થવા પામેલ નથી. ચલાલા શહેર (દાનેવધામ) એક પવિત્ર યાત્રાધામ હોય અહી બહારગામથી અનેક યાત્રાળુઓ પ્રવાસીઓ પધારતા હોય જેથી શહેરની શોભા સુંદરતામા વધારો થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી બનેલ છે. જેથી (૧) મેઈન બજારમાં પાણીનો બગાડ સત્વરે અટકાવવો, ૨) સુપરવાઈઝરોની દેખરેખ નીચે મેઈન બજારની બે વખત સઘન સફાઈ કરાવવી, ૩) દરેક દુકાનદારોને કચરા પેટીનો ઉપયોગ કરવા આદેશો કરવા જેથી મેઈન બજારમાં ઘણી જ સ્વચ્છતા જળવાઈ રહેશે. ૪) મેઈન બજારમાં પાનમાવા ખાઈને ગંદકી નહી કરવા આદેશાત્મક જાહેર નોટીસ (બોર્ડ) પાઠવવા ૫) મેઈન બજારમાંથી બિનજરૂરી માટી પથ્થરો દુર કરાવવા, ૬) મેઈન બજારમાં યોગ્ય સ્થળે સ્ટ્રીટ લાઈટ શરૂ કરાવવી વિગેરે ઉપાયો પ્રયોજવા માટે વધારાનુ કોઈ ખર્ચ થાય તેમ નથી માત્ર નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરવા જરૂરી છે.

વધુમાં જણાવે છેકે ચલાલાના ન.પા.હસ્તકના અનેક યાંત્રિક સાધનો વાહનો હાલ બંધ હાલતમા હોયતે સત્વરે રીપેર કરાવી પુનઃ લોકસેવામાં પ્રયોજવા તેમજ અનેક કચરા વાન હાલ બંધ હાલતમાં હોય તેને રીપેર કરાવી દરેક વોર્ડ વાઈઝ કચરાનુ કલેકશન કરાવવું જરૂરી છે. તેમ અંતમાં જણાવેલ છે.

# લીલીયામોટા ખાતે તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ









લીલીયા ખાતે આજે "વિશ્વ તમાકુ નિષેધ દિવસ"ની ઉજવણીનાં ભાગરૂપે લોકો તમાકુનાં વ્યસનથી દૂર રહે તે બાબતે જન જાગૃતિ ફેલાવવા માટે લીલીયા મોટા ખાતે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલીમાં મામલતદાર દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી તુષાર રાદડીયા, તાલુકા હેલ્થ ઓફિસર સિધ્ધપુરા, આંગણવાડી સુપરવાઈઝર, તાલુકા શિક્ષણ અધિકારીએ રેલીનું મામલતદાર કચેરીએથી પ્રસ્થાન કરાવ્યું હતું. જે રેલી શહેરનાં મુખ્ય માર્ગો પર ફરી હતી. આ રેલીમાં તાલુકા હેલ્થ ઓફિસ સ્ટાફ, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, મેલ હેલ્થ સુપરવાઈઝર, ફિમેલ અને મેલ હેલ્થ વર્કર, આશા ફેસિલિટેટર, આશા બહેનો તથા અન્ય સ્ટાફ હાજર રહેલ. રેલી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે પોલીસ સ્ટાફ ધ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાળવાર્તા : ઝગમગ ઝગમગ તારા - રેખા ભટ્ટ

એક દિવસની વાત છે. રવિવારનો દિવસ એટલે બધાંને રજા. પપ્પાને રજા અને મમ્મીને પણ રજા એટલે નાનકડી અનુને મજા જ મજા. આજે તો મમ્મીને છોડશે નહીં અનું મમ્મી જ દૂધ પીવડાવે, જમાડે, રમાડે, ઉંઘાડે એવી એની જીદ. મમ્મી અનુને બગીચામાં રમવા લઈ ગઈ, આખો દિવસ મજા કરી. હીંચકા ખાધા. દોડ–પકડ રમ્યાં. થાકયાં એટલે અગાશીમાં પથારી કરી સૂવા ગયાં. ' 'વાતા કહે ને મમ્મી'' અનુ બોલી. '' હા, સાંભળ, એક હતું આકાશ.'' મમ્મીએ વાર્તા શરૂ કરી. ''એમાં ઘણા બધા તાર હતા.

આ અઢળક અઢળક તારા
જોઉં જોઉં હું અઢળક તારા

આ સાંભળીને અનુ બોલી, ''મને તારા લઈ આપો. હું પણ એમની સાથે રમીશ.''

મમ્મી હસીને કહે ''હા, લઈ આપીશ. હવે સૂઈ જા.''

સવાર થઈ એટલે અનુ તો મમ્મીનો હાથ પકડીને કહે, ''લાવ, મારા તારા. બધા જ આપી દે જે હોં.''

મમ્મી ખડખડાટ હસી પડી. ''અરેમારી લાડકી અનુ ! કયાંથી લાવું તારા ?''

''કેમ વળી, આકાશમાંથી તારા લઈ આપીશ પછી જ હું તારી સાથે બોલીશ. નહીં તો તારી કિટ્ટા.'' અનુ તો દોડીને એક ખૂણામાં રિસાઈને બેસી ગઈ.

હવે મમ્મીને પણ સમજાય નહીં કે હસવું કે રડવું કે ખિજાવું ? અને અનુની તો એક જ રટ :

''લાવો લાવો તારા તોડી લાવો
લાવો લાવો તારી શોધી લાવો.''

અનુની મમ્મીના મનમાં એક વિચાર ઝબકયો. એણે બધાં કામ પડતાં મુકી હમણાં ખરીદેલી આસમાની ઓઢણી થેલામાંથી કાઢી. એમાં ભરચક સોનેરી, રૂપેરી ટીલડીઓ ચોંટાડી. અને ધીમેકથી અનુના માથે ઓઢાડી દીધી !''

અનુ તો મમ્મીના ગળે વળગી ગઈ. ''હં, હવે કેવા લાવવા પડયા ઝગમગ તારા ?'' અને પછી ઓઢણી ઓઢીને બાને બતાવવા દોડી ગઈ. ઓઢીને આખા ઘરમાં ફરી વળી. ઘરની ભીંતો ટીલડીઓથી ઝગમગવા લાગી. આકાશના તારા જાણે ઘરમાં ચમકયાં. બા અને મમ્મી પણ રાજી થઈને જોઈ રહ્યાં. અને અનુના હરખનું તો શું પૂછવું !

આ ઝગમગ ઝગમગ તારા
ઝીલું ઝીલું હું ઝગમગ તારા.– રેખાભટ્ટ

# સોનામહોરો અધધધ !

એક હતું વન.

વનદેવી વનમાં રાજ કરે. એ વૃક્ષોને વહાલ કરે. વેલીઓને વહાલ કરે. પોપટ, ચકલાં , કબૂતર ને ખીસકોલીઓને વહાલ કરે. વાઘ–સિંહ, હાથીને વહાલ કરે. કીડી–મકોડીનેય વહાલ કરે.

આમ હળીમળીને સૌ વનમાં રહેતા, ને આનંદ–કિલ્લોલ કરતાં હતાં. એકવાર એક કઠિયારો વનમાં આવ્યો. એની પાસે કુહાડી ને કરવત હતાં. વનનાં વૃક્ષો જોઈને કઠિયારો રાજી થઈ ગયો, એ નાચવા–કૂદવા ગાવા લાગ્યો.

કેવાં ઊંચા ઝાડ છે !
આભે અડતા પહાડ છે.
કરવત ને કુહાડી લઈ,
કાપું આખું જંગલ ભઈ
!

પછી તો મંડી પડયો ઝાડ કાપવા. એક પછી એક ઝાડ ઓછાં થવા લાગ્યાં. વનનાં પંખી આ જોઈને રોવા લાગ્યાં. એ કહે :

ફળ–ફૂલ વિના શું ખાવાનું ! ?

માળો બાંધવા કયા જાવાનું ? વનદેવી ગદગદ થઈ ગયા, એમણે કઠિયારાને કીધું : ''ભૈલા, તું શા માટે વૃક્ષોને કાપે છે ? ને પશુ–પંખીઓને દુઃખી કરે છે ? !''કઠિયારાએ કીધું : '' મા, તમારી વાત તો સાવ સાચી છે. પણ હું બીજું કરુંય શું ? ઝાડ કાપું નહીં, લાકડાં વેચું નહીં, તો મારાં છોકરાં–છૈયા ખાય શું ?''વનદેવીએ કહ્યું : ભૈ, વાત તો તારી સાવ સાચી છે. તે એમ કર લ્યે, આ પાંચ સોનામહોરો આપું છું. ખાઈ–પીને મજો કરજો !''

કઠિયારો તો સોનામહોરો લઈને રાજી રાજી થતો ઘેર ગયો. એને મનમાં થયું : હાશ, હવે મજા મજા થઈ ગઈ. ના કોઈ ઝાડ કાપવાં, ના લાકડાં વેચવાં બસ, ખાઓ પીઓ ને મોજ કરો.

પછી તો પૈસા ખૂટયા, અનાજની કોઠીઓ, ખાલીખમ ! હવે શું કરવું એ તો ભૈ ફરી પાછો ઉપડયો વનમાં. ત્યાં જઈને ફરી ઝાડ કાપવા લાગ્યો. ઝાડને કપાતાં જોઈને ફરી સૌ પશુપંખીઓ વનદેવીને ફરિયાદ કરવા લાગ્યાં : ફળ–ફૂલ વિના શું ખાવાનું ! ? માળો બાંધવા કયા જાવાનું ? વનદેવીએ કીધું : ''તમે ચિંતા ના કરો, સૌ સારાં વાનાં થશે હોં !...'' ને પછી એમણે તો આ વખતે કઠિયારાને દસ સોનામહોર આપી. કઠિયારો રાજી રાજી થઈ ગયો. એને થયું : ''હાશ, મજા મજા થઈ ગઈ ! ના, ઝાડ કાપવાની કે ના લાંકડા કાપવાની કોઈ ચિંતા નહીં હવે. બસ ખાટલેથી પાટલે, ને પાટલેથી ખાટલે, ખાઓ પીઓ ને મોજ કરો !....''

પછી તો ભૈ, સમય વીતતો ગયો, ને ફરી પાછા પૈસા તો ખૂટયા ! અનાજની કોઠીઓ ખાલીખમ ! હવે શું કરવું ? કઠિયારો તો કુહાડીને કરવત લઈને ફરી ઉપડયો વનમાં ! વનદેવીએ તો આ વખતે ખોબો ભરીને સોનામહોરો આપી, ને એને કીધું : ''લ્યે, ખાઈ–પીને કરજો મજા ! બસ !...'' કઠિયારો તો ''અધધધ, આટલી બધી સોનમહોરો !''


# માનવીય જીવનના દરેક સ્પંદન, પ્રશ્ન, પરિમાણને સ્પર્શતું મેગેઝીન એટલે '

## 'મા સ્વામીની પ્રેરણા'

પ્રસ્તુત અંકમાં આપણા સહુના જીવનનો રોજીંદો પ્રશ્ન 'ક્રોધનું જટિલ વિશ્વ' આ વિષયને આવરીને ક્રોધના કારણો અને ઉપાયો વિશે દેશ





વિદેશના સંતો, મહાત્મા, જાણીતા ચિંતકો દ્વારા હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લેખો આવરી લેવામાં આવ્યા છે. ક્રોધની આ રીડર ડાઈજેસ્ટઅનેકને ઉપયોગી બને તેમ છે. આપણે આપણા સ્વજન અને મિત્રોને આપીને તેમના વિક્ષ્વને પ્રસન્નતા તરફ લઈ જઈ શકીએ. તમે આ મેગેઝીન સંપૂર્ણ ફ્રી મેળવી શકો છો, તમે વાંચો એ જ આનું મૂલ્ય છે.દર બે મહિને ક્વેસ્ટ ફાઉન્ડેશન દ્વારા મેગેઝીન પ્રકાશિત કરી સેવાનો ઉમદા લાભ લેવાય છે. માત્ર અને માત્ર માનવતાને લક્ષમાં લઈને જીવનને ઉમદા બનાવવવાનો આ સંકલ્પ છે. મિત્રો, પરિવાર સહુના ઘરે પહોંચાડી આપણે ઉત્તમ વાંચન અને રસ ઘડતરના કાર્યમાં જોડાઈએ. આંગળી ચીંધ્યાનું પુણ્ય !!તમે આ મેગેઝીન ભારત કે ભારતની બહાર મંગાવી શકો છો, હાર્ડ કોપી અને સોફટ કોપી મેલ પર અને શાંતિથી સાંભળવા ઓડિયો ફાઈલ રૂપે પણ ઉપલબ્ધ છે.રજિસ્ટર કરવો આજે જ તમાઢં, નામ, સરનામું અને ફોન નંબર નીચેના કોઈ પણ એક નંબર પર. ૮૫૯૧૯૩૩૮૪૮/ ૭૪૦૦૦૩૩૮૪૮ https://questfoundztion.org.in/prerna/ અથવા બારકોડ પણ સ્કેન કરી વિગત મોકલાવો.ચાલો, વાંચીએ, વંચાવીએ, સુવાસ મહેકાવીએ.


# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

(૧) 'તુઝુક–એ–બાબરી' એ શું છે ? – બાબરની આત્મકથાનું નામ
(૨) 'ફતેપુરસિક્રી' નામે શહેર કોણે વસાવ્યું ? – અકબરે
(૩) 'આઈન–એ–અકબરી' અને 'અકબરમાં' ની રચના કોણે કરી ? – અબુલ ફઝલે
(૪) શિવાજીનો રાજયઅભિષેક કયા સ્થળે થયો હતો. – રાયગઢ
(૫) 'મરાઠા સંઘ' ની સ્થાપના કોણે કરી હતી. – શિવાજીએ
(૬) મૈસૂરના હૈદરઅલીને હરાવનાર મરાઠા પેશવા કોણે હતો ? – માધવરાય પહેલો
(૭) પાણીપતનું ત્રીજું યુદ્ધ કોની વચ્ચે થયું હતું ? – મરાઠાઓ–અહમદશાહ–અબ્દાલી
(૮) 'દિન–એ–ઈલાહી' ધર્મની સ્થાપના કોણે કરી હતી ? – અકબરે
(૯) ટિપુ સુલતાનની રાજધાનીનું નગર કયું હતું. ? – શ્રીરગપટમ
(૧૦) દિલ્લી સલ્તનતનો છેલ્લો સુલતાન કોણ હતો ? – ઈબ્રાહીમ લોદી

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧– ઈશ્વર સિવાય બીજાનો સાથ રાખશો તો દુઃખી થશો.
૨– રાત્રે અગિયાર વાગ્યા પછીનો કાળ રાક્ષસકાળ ગણાય. આવા વિશેષ કાળમાં ભોજન ન થાય.
૩ – સૂર્ય ઊગતા પહેલાં સ્નાન કરી સૂર્ય નારાયણને અર્ધ્યદાન કરો.
૪ – પરમાત્માની મર્યાદા પાળવી.
૫– શરીરથી વધારે પાપ થતું નથી. વધારે પાપ થાય છે મનથી.
૬ – માનસી સેવા સહેલી નથી. કોઈ લૌકિક વિચાર આવ્યો તો સમજવું માનસી સેવાનો ભંગ થયો.
૭ – કોઈપણ સત્કાર્ય બાર વર્ષે નિયમપૂર્વક કરવામાં આવે, તો તેનું ફળ અવશ્ય મળે છે.
૮ – બધા દોષ અભિમાનથી જાગે છે.
૯ – જૂના સંસ્કાર ભૂંસાવા કઠીન છે..
૧૦– કોઈને ઘરમાં પણ મનમાં રાખશો નહીં.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


## અસલી–નકલી

ઈમીટેશન જવેલરી પર ગોલ્ડ પ્લેટીંગ કામ કરતા એક મિત્રને પૂછયું : 'સોનાના દાગીના પર ઢોળ ચડાવો ?' જવાબ – ' એની શું જરૂર ?' જવાબરૂપે મળ લા સવાલમાં જ જવાબ હતો !

જે નકલી 'દાગીના' છે, તેને જ ઢોળ ચડાવવો પડે... વધારે પડતી ટાપટીપ,બ્યૂટી પાર્લરનો અનિવાર્ય આશ્રય, મોંઘાદાટ ઘરેણા અને વિચિત્ર વસ્ત્રો – આ બધાંની સામે તંદુરસ્તી 'તપુ તપુ' થતી હોય તેવી સાદગીપૂર્ણ સૌન્દર્ય ધરાવતી સંસ્કારી યુવતીના વ્યકિતત્વની મહેક અલગ જ હોય ને ?

# ડાહી - ડાહી મયૂરી

પાંચ વર્ષની મયૂરી બહુ ડાહી હતી. સવારે હસતાં–હસતાં ઊઠતી હતી. સવારે જાગીને મયૂરી બધાંને જયશ્રી કૃ/ણ કરતી હતી. નાના એવા બ્રશથી તેના ઉપર થોડી




પૈસ્ટ લઈ બ્રશ કરતી હતી. તેનાં દાદી તેને નવડાવે તો ગીત ગાતાં–ગાતાં નહાતી હતી અને દાદીના ખોળામાં બેસી દૂધ–ભાખરીનો નાસ્તો કરતી હતી. નાસ્તો કરી લીધાં પછી મયૂરી દાદાના ઓરડામાં દાદાના પલંગ પાસેની બારીએ ચડી બકરી, ગાય, ભેંસ, પંખી આકાશને જોતી હતી. કયારેક તો બારી પાસેનાં ઝાડ ઉપરથી પસાર થતી બિલ્લીબાઈને જોઈ મયૂરી દાદાને ચમકાવી દેતી હતી : 'દાદા, જુઓ મા. આવ્યું ! અને દાદા પણ બિલ્લીબાઈને જોઈ ખુશ થઈ જતા હતા. દાદા મયૂરીને નવીનવી રંગીન પેન, પાટી, સુંદર ચિત્રવાળી ચોપડીઓ ચંપક, ચાંદામામા, ચંદન, ધીંગામસ્તી, ફૂલવાડી, સહજ બાલ આનંદ બતાવતાં હતાં. મયૂરીને દાદા કાગડા, પોપટ, શિયાળ, સિંહ, ચકા–ચકીની વાર્તા કહેતાં હતાં. કયારેક મયૂરીને ખભા પર બેસાડતા તો કયારેક પગના પંજા ઉપર ઊભી રાખી હીંચકા ખવડાવતા હતા. ડાહી ડાહી મયૂરી વિના દાદાને કયાંય ગમતું નહીં !**બાલવાટિકા:**એક પરસોતમદાદા હતા. તેને બાળકો બહુ વહાલા હતાં. પોતાના પૌત્ર, પૌત્રીને જ વહાલ કરતા હતા એવું નહોતું. શેરીનાં બાળકોને પણ તેઓ બહુ વહાલ કરતા હતા. આઠ–દસ બાળકોને લઈ ઘરથી નજીક આવેલી બાલવાટીકામાં લઈ જાય. વૃક્ષના છાંયડે બાળકોને બેસાડી વાર્તા શરૂ કરતા : 'મારાં વહાલાં બાળકો, આપણે જે વૃક્ષની નીચે બેઠાં છીએ, તે વૃક્ષ છે લીમડો. જુઓ, વૃક્ષ આપણને છાંયો આપે, લાકડાં આપે, ફળ આપે, આપણા ઘેર ફળીયામાં નહાવાના પાણીને ઊના કરવા માટે ચૂલો હોય, તેમાં બળતણ માટે લાકડાં આપે. આવો, હવે આપણે આંબાના ઝાડ નીચે જઈએ. તમને કેરી ખાવી ગમે છે ને ? કેરી કેવી મીઠી હોય છે ! આંબા ઉપર કેવી સરસ કાચી–પાકી મજાની કેરી લટકે છે, તમે બધાં મોટાં થાઓને એટલે વૃક્ષોને પાણી પાજો. તેને મોટાં કરજો. ઝાડને કોઈ કાપે તો તેને કાપતાં અટકાવજો, વધુ ઝાડ હોય, તો વધુ વરસાદ આવે છે.

# અમારી વ્હાલી ઢીંગલી

કિંજલ સાત વર્ષની હતી અને સ્તુતિ પાંચ વર્ષની. બંને પાકી બહેનપણીઓ હતી. બંનેના ઘર બાજુમાંજ હતાં. એકબીજાને એકબીજા વિના ગમતું નહોતું. કિંજલ એન સ્તુતિને તેનાં મમ્મી–પપ્પાએ સુંદર ઢીંગલી રાણીને પરણાવીને સ્તુતિ–કિંજલ રાજી–રાજી થઈ જતાં હતાં. ઢીંગલો જોઈ બહુ બંને હસતાં હતાં. ઢીંગલો ઠમક ઠમક ચાલતો હતો. ઢીંગલીના લગ્નમાં કિજલ–સ્તૃતિએ નવી–નવી સાડી પહેરી હતી. મહેમાનોને ઠંડાં–મીઠાં શરબત પિવડાવતી હતી. બપોરે બધાંને ભાવતાં ભોજન જમાડયાં હતાં. જાનૈયાઓ સાથે કિલ્લોલ કરતી સ્તુતિ–કિંજલ ઢીંગલીને સાસરે વળાવી ત્યારે રડી પડી હતી. કારણ બંનેને ઢીંગલી રાણી બહુ વહાલાં હતાં.




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

**સમયનું મૂલ્ય (એક આઈરિશ પ્રાર્થના)**

કામ કરવામાં સમય ગાળો, સફળતાનું એ મૂલ્ય છે. વિચાર કરવામાં વખત ગાળો, એ બળ નો સ્તોત્ર છે.

રમવામાં વખત ગાળો,

એ યૌવનનું રહસ્ય છે.વાંચવામાં વખત ગાળો, એ ડહાપણનો ઝેરો છે.મૈત્રી ભાવના કેળવવામાં વખત ગાળો,એ સુખ તરફ લઈ જતો માર્ગ છે.સ્વપ્નો જોવામાં વખત ગાળો, તમારી યાત્રાનો તારાઓ સુધી તે સેતુ બાંધે છે.પ્રેમ કરવામાં અને પ્રેમ પામવામાં વખત ગાળો, એ ઈશ્વરની દિવ્ય અધિકાર છે. તમારી આસપાસ નિહાળવામાં વખત ગાળો, દિવસ એટલો ટૂંકો છે કે સ્વાર્થી બની શકાય નહીં. હસવામાં વખત ગાળો, એ આત્માનું સંગીત છે.**રાજા મિલિન્દે નાગસેનને પૂછયું : 'ભંતે,** દુનિયામાં શું એવા પણ લોક છે જેઓ મરણ પછી જન્મ નથી લેતા ?'હા, મહારાજા ! જેઓ પોતાનાં કર્મોને આ સંસારમાં નિઃસત્વ કરી દે છે, તેઓ ફરીથી જન્મ નથી લેતા.''ભંતે, ઉપમા આપી સ્પષ્ટ કરો.'

'મહારાજ, જેવી રીતે શેકી નાખેલું બીજ ખેતરમાં નથી ઊગતું એવી જ રીતે જ્ઞાનની આંચમાં તપેલું કર્મ પણ નિઃસત્વ થઈ જાય છે અને જન્મ નથી લેતું. આપણો મોહ જ વારંવાર જન્મે છે, પરંતુ જ્ઞાનાગ્નિમાં મોહ જયારે ભસ્મ થઈ જાય છે ત્યારે કર્મમાં ઊગવાની ક્ષમતા નથી રહેતી !'

**કાળની ઉપાસના – ફાધર વાલેસ**

સમયપાલન માટેનો ગાંધીજીનો આગ્રહ એ લોકકેળવણીનો પાઠ હતો. એમાં પણ ચોકસાઈ, જાગૃતિ, ઉતમતાનો ઉપદેશ હતો.

સમયની કિંમત.
નિયમિતતાનું વરદાન.
કાળની પવિત્રતા.


સમય નકકી કર્યો તે કોઈપણ ભોગે પાળવાનો. કામ રોજ થાય તે ઘડિયાળના ટકોરે શરૂ થાય–ને પૂરું થાય. એક પણ મિનિટ નકામી જવા ન દેવાય.સમયસર પહોંચવું. સમયસર શરૂ કરવું. સમયસર પૂરું કરવું. ગાંધીજીની એ ધૂન હતી.

અને, એ ધૂનની પાછળ લોકોની એક વ્યાપક કુટેવ છોડાવવાની પવિત્ર ભાવના હતી. મોડા થવાથી સમય વેડફાઈ જાય, લોકો ઢીલા થાય, કામ બગડી જાય. માટે, એ બાબતમાં ગાંધીજી મકકમ હતા, કોઈની દયા પણ ખાતા નહોતા. મુલાકાત માટે આવેલો મહેમાન પાંચ મિનિટ મોડો પડે તો ગાંધીજી એને ન મળે. લેવા આવેલો માણસ સમયસર ન પહોંચે તો ગાંધીજી એકલા પગપાળા નીકળી પડે. ૧૯૧૬ની સાલમાં 'ગુજરાત રાજકીય પરિષદ' ગોધરામાં ભરાઈ. ગાંધીજી સભામાં વખતસર પહોંચી ગયા. લોકમાન્યને પણ પરિષદમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓ જરા મોડા આવ્યા. ગાધીજીએ બહુ આદરપૂર્વક તેમનું સ્વાગત કર્યુ. પણ સાથે સાથે એટલું કહ્યા વગર ન રહ્યા કે લોકમાન્ય અરધો કલાક મોડો આવ્યા છે. જો સ્વરાજય મેળવતાં અરધો કલાક મોડું થશે તો તેને માટે લોકમાન્ય જવાબદાર ગણાશે ! આદરથી, પ્રેમથી ને રમૂજથી, પણ ઠપકો આપ્યા વગર ગાંધીજી ન રહી શકયા. પૈસાની કિંમત ગાંધીજી બરાબર સમજતા. પરંતુ એના કરતાં સમયની કિંમત વધારે છે, અને એનાયે કરતાં નિયમિતતાની કિંમત હજી વધારે છે એમ ગાંધીજી સ્પષ્ટપણે માનતા. અને એ નિયમિતતાની તાલિમ, એ સમયપાલનનો મહાવરો, એ ચોકસાઈનું શિક્ષણ તે સૌને આપતા રહ્યા. દેશના શિક્ષક હતા ને !

# મારો સાઈકલ પ્રવાસ

અમે રવિવારના ૭:૩૦ વાગ્યે પેવેલિયને ગયો હતા. હું મોનિટર હતો. એટલે હું બધે દેખરેખ રાખતો હતો. આ સાઈકલ પ્રવાસ આ વર્ષ પહેલો સાઈકલ પ્રવાસ હતો. આ પ્રવાસ અમને આદરણિય શ્રી કાચાર લઈ ગયા હતા. અમારી સાથે ગોરખિયાનિકુંજ અને તાલેણા વેદાન્ત પણ હતા. અમે અમરેલીથી ખોડિયાર મંદિર જવાના હતા. તેનું અંતર ૩ કિલોમીટર હતો. અમે બધા ૮ વાગ્યે ખોડિયાર મંદિર જવા અવાના થયા અમે વીસ પચીસ મિનિટમાં પહોંચી ગયા ત્યાં જઈને સૌથી પહેલા ખોડિયાર માતાજીના ભવ્ય મંદિરમાં અમે દર્શન કર્યા મંદિરને નદીની બાજુમાં બનેલું હતું. એટલે ત્યાં ઠંડો–ઠંડો પવન આવતો હતો. અમે ત્યાં હિસકા ખાધા, ફુટબોલ રમ્યા અને વગેરે રમતો રમ્યાં હતાં.પછી અમે નાસો કર્યો બધાનો નાસ્તો ઘરનો હતો. હું સુકીભાજી અગે ત્રણ ભાખરી લાવ્યો હતો. અમે બધાં સાથે નાસ્તો કર્યો. પછી અમે શકિત કોટનમીલ ગયા એ મીલ ધર્મેશભાઈની હતી. તેમણે અમને કપાસનું તેલ, કપાસીયાનો ખોળ અને કપાસની ૧૫૦ કે ૧૬૦ કિલોની ગાંસડી કેવી રીતે બને તેની વિશે ટુંકમાં સમજાવ્યું હતુ, ત્યાં તો અમને બધાને ખુબજ મન માણી, પછી અમે વેવેલિયમ ગયા અને ત્યાંથી બધા પોતપોતાના ઘરે જતા રહયા. હું અને મારા મિત્રો પ્રવાસની રસપ્રદ વાતોને વાગોળતા વાગોળતા ઘરે ગયા અહી અમારો પ્રવાસ સમાપ્ત થાય છે.**નામ : મકવાણા જય પ્રકાશભાઈ ધો.૮(એ), શાળાનું નામ : શ્રીમતિ પી.એન.વોરા વિધ્યનિકેકમ**


# આ મારું ચિત્ર છે




રાઠોડ પાર્થ
(ધોરણ–૮ )




રામ પ્રિયા રોય
(મુંબઈ)



બગડા પ્રિયાન્શી ભીખુભાઈ
(ધોરણ–૧૧,શ્રીમતિ જીજીબેન હાઈસ્કુલ અમરેલી)



મેઘરાજ હરદેવસિંહ ભર્ણરયા
(ધો.૭–બી, પી.એન.વોરા વિદ્યાનીકેતન)

# અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રી પટેલને ધગધગતો પત્ર પાઠવ્યો


# ગેમજોન, ઝુલતો પુલ અને હરણીકાંડ માટે માત્ર ભ્રષ્ટાચાર જવાબદાર

## સરકાર અને સરકારી જુદા-જુદા વિભાગોની ભ્રષ્ટાચારી રીતરસમનાં કારણે અવારનવાર હૃદયદ્રાવક દ્રશ્યો જોવા મળે છે

અમરેલી, તા. ૩૧

અમરેલીનાં પુર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે ઓરવેલના "એનિમલ ફાર્મ" નો નેપોલિયન હજુ પણ અટ્ટહાસ્ય કરે છે ! સત્તા જયારે શોષણખોર અને અસંવેદનશીલ બને, નાગરિક અધિકારો અને સમાજ જીવનને સદંતર ગૌણ સમજી તેને કચડી નાંખે આ બધુ જ નાગરિકોની સુખાકારી, અધિકારોના જતનના નામે આલબેલ પોકારીને કેવી રીતે થાય તેવું સચોટ નિરૂપણ વિશ્વ પ્રસિધ્ધ સર્જક જયોર્જ ઓરવેલ લિખિત બહુચર્ચિત પુસ્તક "એનિમલ ફાર્મ" મા થયું છે. રાજકોટમાં ટીઆરપી ગેમિંગ ઝોન, મોરબીનો ઝુલતો પુલ કે પછી હરણીની બોટ એ સઘળી વિભિષિકાઓમાં તો છેવટે ભ્રષ્ટ્રાચાર, ફરજ અદાયગીમાં અક્ષમ્ય ભુલોમાં જે પ્રકારે સ્થાનિક તંત્ર, પોલીસ અને સરકાર એક રીતે આખીય સિસ્ટમનો વ્યવહાર રહ્યો છે તે જ સ્વયંભુ ચાડી ખાય છે કે હજી અહીં પણ એનિમલ ફાર્મનો નેપોલિયન હયાત છે, જે અટ્ટહાસ્ય કરી રહ્યા છે. કારણ દરેક ઘટના પછી નાના બાળકો, નિર્દોષ નાગરિકોના મોતના ખેલ વચ્ચે સફેદ



પોશ નેતાનું ટોળું લુચ્ચા ઝરખની જેમ જ 'ચમરબંધીને છોડીશું નહી, કડકમાં કડક કાર્યવાહી કરીશું કહે છે. જનતાની પાતળી સ્મરણ શક્તિનો ફાયદો ઉઠાવી ફરી ચમરબંધીઓને જામીન પર બહાર ફરતા કરાય છે.

વધુમાં જણાવ્યુ કે તાજેતરમાં રાજકોટ ટીઆરપી ગેમ ઝોન લાગેલી આગનાં કારણે હજુ કેટલા માનવ ભોગ લેવાયાછે તે નકકી થતું નથી. આવા ગુજરાતમાં સંખ્યાબંધ બનાવો બનતા રહે છે અને તેની પાછળ ના કારણો ભ્રષ્ટ્ર અધિકારીઓ, ભ્રષ્ટ્ર આચરણ અને સરકારના આખમીચામણાનાં કારણે તથ્ય બહાર આવતુ નથી. સરકાર તરફથી હંમેશા ' કડક પગલા લેવામાં આવશે, કોઈપણ ચમરબંધીને છોડવામાં નહી આવે' તેવા

## રાજકોટનાં અગ્નિકાંડમાં મોતનો સાચો આંકડો કેટલો છે તેની ખબર જનતાને અપાતી નથી

પ્રેસ નિવેદનો કરવામાં આવે છે પરંતુ લોકોનો દિન-પ્રતિદિન સરકાર ઉપરથી તંત્ર ઉપરથી વિશ્વાસ ઉઠતો જાય છે. ખરેખર આવા બનાવ અટકાવવા હોય તો સરકારને સ્પષ્ટ નીતિઓ અપનાવવી પડશે તેવુ મને લાગી રહ્યું છે. ભાજપના રાજયસભાનાં સાંસદ પ્રેમમિડીયા મારફત એવું કહે છે કે 'મારે પણ ૭૦ હજારની લાંચ આપવી પડી હતી' તે ખુબજ ગંભીર બાબત છે સરકાર જો સાચી બાબતમાં પગલા લેવા માંગતી હોય તો લાંચ લેવી અને લાંચ આપવી બંને ગુન્હો છે આવુ જયારે સ્પષ્ટ નિવેદન કરવામાં આવ્યું છે. ત્યારે તેમની સામે ફરીયાદ દાખલ થશે કે કેમ ? તે લોક ચર્ચાનો ટીવી ચેનલ અને સોશીયલ મીડીયાનો તેમજ પ્રેસ મીડીયાનો મહત્વનો મુદ્દો બન્યો છે. માત્ર ગુજરાત પ્રેસ મીડીયા નહી વિશ્વ અને દેશનાં પ્રેસ મીડીયામાં ઈગ્લીશ અખબારોમાં પણ રાજયસભાના સાંસદના ફોટા સાથે પ્રેસ છપાઈ છે. સરકાર આ બાબતમાં ગંભીર છે કે કેમ ? તે હું જાણતો નથી. હું ધારાસભ્ય હતો, સાંસદ હતો ત્યારે વિધાનસભામાં અને સંસદમાં અનેકવાર રેકર્ડ ઉપર બોલી ચુક્યો છું પરંતુ પરિણામ શુન્ય છે. અમરેલીમાં ૨૦૦ કરોડ ઉપરનું ડ્રગ્સ પકડાઈ, રોજ દારૂ પકડાઈ તેમાં સરકારની અને તંત્રની ભ્રષ્ટ્ર નીતિઓના કારણે જ આવું બને છે. આતંકવાદી પ્રવૃતિ પકડવા માટે સરકાર રેલ્વે સ્ટેશનથી પણ આતંકીઓને પકડતી હોય તો દારૂ અને આવી ખોટી ભ્રષ્ટ્ર માત્ર પૈસા કમાવવાથી ચાલતી ગેમઝોન જેવી અનેક પ્રવૃતિઓ કેવા કારણોસર આ બન્યું છે તે તથ્ય લોકો સામે આવતુ નથી તેની પાછળના કારણો તંત્રમાં બેઠેલા ભ્રષ્ટ્ર અધિકારી/કર્મચારીઓ છે. એકજ પોષ્ટ ઉપર એકજ જિલ્લામાં મલાઈ વાળી પોષ્ટમાં અત્યાર સુધીમાં જેટલા અધિકારીઓએ લાંબો સમય નોકરી કરી છે અને મલાઈ વાળી પોષ્ટ છે એ સરકાર જાણે છે. આ મલાઈની પોષ્ટ ઉપર અત્યાર સુધીમાં આખાય ગુજરાતમાં કોર્પોરેશન વિસ્તારમાં, તેમજ ગ્રામ્ય અને જિલ્લા કક્ષાની મલાઈ વાળી પેષ્ટમાં છેલ્લા ૨૫ વર્ષથી પોલીસ ડીપાર્ટમેન્ટ હોય, મહેસુલી ડીપાર્ટમેન્ટ હોય, શહેરી વિકાસ તંત્ર હોય, દસ્તાવેજ નોંધણી કરતા અધિકારીઓ હોય તેઓ નોકરી ઉપર દાખલ થયા ત્યારે તેઓ શું મિલકત ધરાવતા હતા ? અને હાલ મોટાભાગની મલાઈ વાળી પોષ્ટમાં નોકરી કર્યા બાદ કેટલી મિલકત ધરાવે છે ? તે તમામની એ.સી.બી. તપાસ થવી જોઈએ. એ.સી.બી. તપાસ કરનારા અધિકારીઓ પણ માલેતુજાર

## ભાજપનાં જ એક સાંસદ કહે છે કે મારે ૭૦ હજારની લાંચ આપવી પડી હતી



બન્યાં છે તેની પણ તપાસ થવી જોઈએ તોજ આ ભ્રષ્ટ્ર નીતિઓમાં લોકો પીડાતા-દંડાતા બંધ થઈ શકશે. હાઈટેક અને ફાસ્ટ જમાનો આવ્યો છે ત્યારે લોકોને પોતાની કામગીરી ઝડપી જોઈએ છે આ ઝડપી કામગીરી કરવા માટે અધિકારીઓ કેટલી ભ્રષ્ટ્ર આચરણ અપનાવે છે અને સાચા અધિકારીઓ જે છે તેમને આવી મલાઈ વાળી પોષ્ટ મળતી નથી તેની પાછળનાં પણ શું કારણો છે?- તે પણ તપાસ થવી ઘટે સચિવાલય અને ગાંધીનગરની અનેક ઓફીસ કોર્પોરેશનોના અનેક અધિકારીઓ માલેતુજાર બન્યા છે, લાઈજન કરનારા વ્યક્તિઓ ગાંધીનગરમાં રોજેરોજ ફરી રહ્યા છે એટલા ધારાસભ્યો આવતા નથી. એ તમામની તપાસ થવી ખુબજ જરૂરી છે. હાલ પ્રેસ મીડીયા જાગૃત બન્યું હોય તેવું લાગી રહ્યું છે. ટીપીઓ કેડરનો કલાસ-૧ અધિકારી કોઈ મીનીસ્ટર પાંચ વર્ષ બન્યાં હોય તો પણ આર્થિક મુશ્કેલીના કારણે ચુંટણી લડી શકતા નથી. ત્યારે આવા અધિકારીઓ કરોડોપતિ નહીં અરબોપતિ બન્યાં છે. તો ગુજરાતની પ્રજા જાણી ચુકી છે પ્રેસ મીડીયા બોલતા થયા છે ત્યારે આવી બાબતોની ગંભીરતા પુર્વક તપાસ કરવી અને સાચી માહિતી લોકો સુધી પહોંચે અને કોઈપણ ભ્રષ્ટ્ર વ્યક્તિ હોય અધિકારી હોય કે પદાધિકારીહોય તેને ખુલ્લો પાડયા વગર ચાલી શકે તેમ નથી. સાચા નો જમાનો સમાપ્ત થતો જાય છે. ગાંધી, સરદાર પટેલ અને બાબા સાહેબ આંબેડકર તેમજ અત્યાર સુધી આ દેશને બલિદાન આપનારા અનેક નવલોહિયા દેશમાં સ્વતંત્રતા આવશે તો રામ રાજય સ્થપાશે તેવી ચિંતા કરતા કરતાં પોતાનો જાન ગુમાવ્યો છે. અગ્રેજો સામે લડી શકાતું હતું પરંતુ તંત્ર સામે લડી શકાતું નથી. કોઈ ખોટા કેસ કરીને સાચા માણસને ડરાવી ધમકાવી તંત્રની પોલ ખોલવા જતા તેમને જેલ હવાલે કરવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ રજુઆત કરે અને રજુઆત સાચી છે કે કેમ ? એ બાબતમાં નહી પડુ, પણ એ બાબતની ગંભીરતા પુર્વક તપાસ ખુબજ જરૂરી છે એજ લોકશાહીનું મુલ્ય છે. તો તે બાબતે આપ ગંભીર બનો અને ગંભીરતા પુર્વક આ તમામ તપાસ કરવામાં આવે, ચુંટાયેલા પ્રતિનિધિઓ, પુર્વ પ્રતિનિધિઓ, આપને તેમજ મંત્રીઓને પત્ર લખે છે તેની નકલ લાગતા-વળગતા વિભાગનાં મુખ્ય અધિકારીઓને પણ મોકલવામાં આવે છે તેમના તરફથી કોઈ જવાબ પણ મળ તો નથી તે પણ ચિંતાનો વિષય બન્યો છે. ઘણા ભ્રષ્ટ્ર અધિકારીઓ તો એવું માનતા થયા છે કે અમારી હકુમત છે, અમારી ભ્રષ્ટ્ર નીતિઓ સામે કોઈ આંગણી ચીંધશે તો તેમની સામે ખોટી અથવા એમની કોઈ ભુલ થઈ હોય એ બાબતની ફરીયાદ નોંધીને તેમને દબાવવા માટેનો પ્રયાસ ચાલી રહ્યો છે. તેમાંથી ગાંધી-સરદાર ના જે વિચારો

## પૂર્વ રાજયપાલને પણ તપાસની માંગ કરી કસુરવાનોને સજા આપવા માંગ કરવી પડી છે

હતાં તે વિચારનું ગુજરાત બને, તે માટે આપ ગંભીરતા પુર્વક તપાસ કરાવશો તેવી આશાથી આ પત્ર લખી રહ્યો છું. છેલ્લા પાંચ વર્ષમાં અમરેલીમાં ખનીજનું કેટલું ખનન થયું ? કેટલો દારૂ અને ડ્રગ્સ પકડાયા ? અને પકડાયા પછી તે તાબાનાં અધિકારીઓએ શું કાર્યવાહી કરી ? અને તે તાબાના અધિકારીઓએ કેટલી ભ્રષ્ટ્ર નીતિ અપનાવી અને કરોડોની કમાણી કરી તે બાબતમાં ગંભીરતા પુર્વક તપાસ કરવામાં આવે તેવી માંગણી કરી રહ્યો છું. વિરોધપક્ષમાં હોવા તેથી મારા પત્રનો કેટલો મુલ્ય થશે તે હું જાણતો નથી, પણ રાજયસભાનાં સાંસદે કહેવું પડે રાજયનાં મહેસુલ ખાતાનાં પ્રધાન રહી ચુક્યાં છે તેવાં પુર્વ ગવર્નર વજુભાઈ વાળા એ પ્રેસ કરી અને તપાસ માંગવી પડે અને લોકોને જાગૃત થવા માટે કહેવું પડે એ ખુબજ ગંભીર બાબત બની રહી છે. ભ્રષ્ટ્ર અધિકારીઓ સરકારી નીતિમાં જે છટક બારીઓ છે એ છટક બારીઓ માંથી કામ છટકાવી ભ્રષ્ટ્ર નીતિ અપનાવી અને જે કાર્યવાહી કરે છે તેનાં કારણે દેશની અને ગુજરાતની જનતાને ખુબ સહન કરવું પડે છે અને હજુ સહન કરતી આવી છે. ત્યારે એક પદવાસી રાજયનાં મુખ્યમંત્રી તરીકે આપની સાથે જુદી-જુદી કમીટીમાં કામગીરી કરી છે અને આપની કામ કરવા માટેની જે પ્રણાલી છે તેની ઉપરથી મને વિશ્વાસ ઉભો થયો છે કે આપ આ બાબતમાં ગંભીરતા પુર્વક તપાસ કરાવશો. કોઈપણ દબાણવશ થયા વગર' અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર અને જિલ્લા કક્ષામાં મલાઈ વાળી પોષ્ટમાં છેલ્લા ૧૫ વર્ષમાં જે અધિકારીઓએ ભ્રષ્ટ્ર નીતિ અપનાવી અને કરોડોની કમાણી કરેલી છે તે તમામની તપાસ કરવા માટેની અને હાલના જે બનાવો બની રહ્યા છે તે બાબતોથી ખુબજ વ્યથિત થઈને વર્ષોથી જાહેરજીવનનાં ચુંટાયેલા અને પુર્વ પ્રતિનિધિ તરીકે દર્દ ભરી અપીલ સાથે આ તપાસ ગંભીરતા પુર્વક કરવા માટે જેપીસી (જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી) જેવી કમીટી તમામ પક્ષના પદાધિકારીઓની અને અધિકારીઓની મહત્વની કમીટી પણ બનાવવામાં આવે અને આ થતી તપાસનાં રીપોર્ટ તે કમીટી સમક્ષ રાખી ગુજરાતની જનતા તથ્ય જાણી શકે તે પ્રકારની કોઈ નીતિવિષયક બાબત તપાસ કરવામાં આવે અને તેમાં તમામ વિભાગને સમાવેશ કરી અને તપાસ થાય તે જાણતો નથી આ મારો પત્ર આપ કેટલી ગંભીરતાથી લેશો, પરંતુ સરદાર પટેલનો આ દેશ માટે અને ગુજરાત માટે જે કામ કરવા માટેનું મુલ્ય હતું તે બાબતને સાપેક્ષ રાખી મારી માંગણીને તથ્યની તપાસ કરવામાં આવે તેવી મારી પત્રથી ગંભીરતાપુર્વક રજુઆત છે.

હાલ ગુજરાત બેહાલ બન્યું છે ૧૮મી પાર્લામેન્ટની સામાન્ય ચુંટણીઓનું છેલ્લુ ચરણ આવતી કાલે પુર્ણ થઈ રહ્યું છે અને ૪થી તારીખે પરિણામ આવશે, ત્યારે જે પણ સરકાર બનશે તે પણ ગંભીરતાપુર્વક વિચારશે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## નશાનું વેચાણ કરનારાઓ

પદાર્થોમાં મિલાવટ કરતાં હોય કે બનાવટી બનાવતાં હોય તેઓ સામે પણ લાલ આંખ કરવાની જરૂર છે તેમજ દેશી-વિદેશી દારૂ કે અન્ય કોઈ નશાકારક પદાર્થનું વેચાણ કરનારાઓ, જમીન પચાવી પાડનારાઓ, આમ આદમીને ધાક ધમકી આપતા તત્વો, આડેધડ વાહન ચલાવનારાઓ, સરકારી કામોમાં લોટ, પાણીને લાકડા જેવું કામ કરનારાઓ સહિત સમાજનાં જુદા-જુદા ક્ષેત્રમાં ફેલાયેલ દુષણને પણ ડામીને જનતા જનાર્દનમાં સરકાર અને તેમના વહીવટીતંત્ર સામે જે નારાજગી ઉભી થઈ છે તે દૂર કરવાનો સમય આવી ચુકયો છે.

સમાજનાં સભ્ય નાગરિકોનાં જાન-માલની સુરક્ષા કરવાની જવાબદારી રાજય સરકારની હોય છે. કારણ કે સરકારની તિજોરીમાં આમ આદમી પેટે પાટા બાંધીને કરવેરાની રકમ જમા કરાવે છે તેના બદલામાં જનતા માત્ર જાન-માલની સુરક્ષા માંગી રહી છે તે વ્યાજબી માંગ રાજયનાં મુખ્યમંત્રી અને તેમની સરકાર પૂર્ણ કરે તો જનતાનાં અપાર આશીર્વાદ સરકારને મળશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં જુની કાતર ગામેથી

અને હાલ રાજુલા ગામે રહેતા સંજયભાઈ નારણભાઈ મોર ગેરકાયદેસર દવાખાનુ /કલીનીક ચલાવતા હોય. જે અન્વયે સદરહું જગ્યાએ મેડીકલ ઓફીસર સાથે રેઈડ કરતા મજકુર ઈસમને સ્ટેથોસ્કોપ-૧ તથા બિપી ઈન્સ્ટુમેન્ટ-૧, એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઈન્જેકશનો વિગેરે મેડીકલ લગત સાધન સામગ્રી મળી કુલ નંગ-૧૬ કિંમત રૂા.૧૬૯૯૪ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## નાની કુંડળ ગામે જુગાર રમતા

જાદવ (રહે. બંને મોટી કુંડળ, તા. ગઢડા), અલ્પેશભાઈ મનજીભાઈ મોરી (રહે. ઈંગોરાળા, તા. ગઢડા), મધુભાઈ તળશીભાઈ સોલંકી, અરવિંદભાઈ છગનભાઈ કટારીયા, ભગાભાઈ પરશોતમભાઈ સોલંકી, રાયધનભાઈ વેલજીભાઈ મકવાણા (રહે. નાની કુંડળ) સહિત આઠેય ઈસમો તા. ૩૦નાં ૨ વાગ્યે નાની કુંડળ ગામે પ્રાથમિક શાળા પાછળ આવેલ પડતર જમીનમાં લાઈટનાં અજવાળે ખુલ્લામાં હારજીતનો તીનપતીનો જુગાર રમતા રોકડ રૂપિયા ૧૦,૧૨૦ સાથે ૫ પકડાઈ જઈ તથા ૩ આરોપી નાસી જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## આજીવનકેદની સજા ફટકારવામાં આવી

સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલ તથા સાયંટીફીક પુરાવા તથા સીઆરપી ૧૬૪નાં નિવેદનને ધ્યાને લઈ આરોપી સસરા ગીરીશભાઈ નટવરલાલ વાઘેલા (નિવૃત્ત પોલીસ ઈન્સ્પેકટર)ને હત્યાનાં બનાવમાં કસુરવાન ઠરાવી આજીવનકેદ તથા રૂા. ૫૦ હજારનો દંડ તથા સીઆરપીસી કલમ ૪૯૮ (એ) માં સસરા તથા મૃતક પરિણીતાનાં પતિ દેવેન્દ્ર ગીરીશભાઈ વાઘેલાને ત્રણ વર્ષની સજા તથા રૂા. ૩ હજાર દંડ તથા આઈપીસી કલમ ૫૦૬ (૨) માં પણ ૨ વર્ષની સજા તથા રૂા. ૨ હજારનાં દંડની સજાનો હુકમ સેશન્સ જજ રીઝવાના બુખારીએ કર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## ખેડૂતોને વિશ્વાસમાં લીધા વગર

કુટુંબનો નિર્વાહ આધાર અમારી કુટુંબની ખેતીની જમીન ઉપર જ છે. અમારી પાસે બીજી કોઈ આવક નથી. જો આ રીતે ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલું રહે તો અમને પારાવાર નુકસાન થાય છે તેનું વળતર અમોને રકમમાં મળી શકે નહીં.

વિશેષમાં જણાવવાનું કે આ કામે અમોને કોઈ એવોર્ડ થઈ ગયો હોય તો તેની નકલ આપવામાં આવી નથી કે જે વળતર નકકી થયું હોય તેની રકમ પણ ચુકવવામાં આવેલ નથી. તો આવા સંજોગોમાં પેટ્રોનેટના કોઈ અધિકારી કે માણસોને કે મજૂરો અમારી જમીનમાં પ્રવેશ કરવા કોઈ અધિકાર નથી અને જમીનમાં અનઅધિકૃત રીતે પ્રવેશે છે. નાછુટકે અમો તેઓને અમારી જમીનમાં પ્રવેશતા અને કામ કરતા અટકાવીશું અને અમારો તે હકક છે અને જો કોઈ નુકસાન કે કાર્યવાહી થશે તો તેની સંપૂર્ણ જવાબદારી પેટ્રોનેટ કંપની તથા જવાબદાર અધિકારીઓની રહેશે. જો અમોને ન્યાય આપવામાં નહી આવે તો અમો આત્મવિલોપન કરી અમારી જિંદગીનો અંત આણીશું અને અમારી પાસે આ સિવાય કોઈ વિકલ્પ નથી. તો તે અંગે પણ પેટ્રોનેટના તમામ અધિકારી તથા સરકારના તમામ અધિકારી જવાબદાર રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી બ્રહમદેવ નિલકંઠભાઈ સાકરલાલ જોષી, તે ડો. સહદેવના પિતા તથા કરણભાઈના દાદાનુ તા. ૩૧.૫.૨૪ ના રોજ અવસાન થયેલ છે તેમનું બેસણું તા. ૩.૬.૨૪, સોમવારે અમરેલી મુકામે તેમના નિવાસસ્થાને, ચકરગઢ રોડ, આનંદનગર ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૦ | ૧૨૧૦ |
| ૨ | શિંગ મોટી | ૯૪૦ | ૧૨૧૮ |
| ૩ | શિંગદાણા | ૧૫૫૦ | ૧૮૯૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૭૫ | ૧૬૦૪ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૮૭૦ |
| ૬ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૦૦ | ૩૦૦૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૫૭ |
| ૯ | જુવાર | ૪૧૬ | ૮૨૩ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૫ | ૫૮૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૮ | ૫૭૯ |
| ૧૨ | મગ | ૧૩૫૦ | ૧૬૦૫ |
| ૧૩ | ચણા | ૯૨૦ | ૧૩૦૯ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૯૦ | ૧૩૭૬ |
| ૧૫ | તુવેર | ૧૧૭૦ | ૨૨૦૦ |
| ૧૬ | કપાસ | ૯૭૧ | ૧૪૯૨ |
| ૧૭ | એરંડા | ૯૧૫ | ૧૦૮૦ |
| ૧૮ | જીરૂ | ૧૬૭૫ | ૫૩૫૫ |
| ૧૯ | રાયડો | ૬૫૦ | ૯૯૫ |
| ૨૦ | ગમ ગુવાર | ૯૬૪ | ૯૬૪ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૨૨ | ધાણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨૩ | મેથી | ૯૯૫ | ૧૧૭૬ |
| ૨૪ | સોયાબીન | ૭૮૦ | ૮૭૪ |
| ૨૫ | મરચા લાંબા | ૮૦૦ | ૨૧૩૦ |
| ૨૬ | વરીયાળી | ૧૩૬૦ | ૧૬૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૧૧ |
| ૩ | શીંગ નવી | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૮૧૧ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૪૭૦૦ | ૫૪૧૦ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૩૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૪૦ |
| ૧૦ | બાજરો | ૩૮૦ | ૪૬૧ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૯૦૩ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૬૪૩ |
| ૧૩ | મકાઈ | ૫૧૪ | – |
| ૧૪ | અડદ | ૧૮૮૦ | ૧૯૩૦ |
| ૧૫ | ચણા | ૧૨૨૦ | ૧૩૧૧ |
| ૧૬ | દેશી ચણા | ૧૨૨૫ | ૧૩૮૦ |
| ૧૭ | તુવેર | ૧૮૫૦ | ૨૧૩૧ |
| ૧૮ | એરંડી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ૧૯ | મેથી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૨૦ | રાય/રાયડો | ૯૦૦ | ૧૩૩૦ |
| ૨૧ | ધાણા | ૧૦૨૫ | ૧૨૭૨ |
| ૨૨ | સોયાબીન | ૮૨૦ | ૮૭૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૦ | ૧૩૧૧ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૪૯૯ |
| ૩ | ચણા | ૧૧૧૦ | ૧૩૦૨ |
| ૪ | મગ | ૧૫૫૫ | ૧૬૪૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૯ | ૧૪૯૧ |
| ૨ | મગફળી | ૧૧૨૦ | ૧૧૫૦ |
| ૩ | ચણા | ૧૧૩૫ | ૧૩૨૫ |
| ૪ | જીરૂ | ૪૮૧૫ | ૫૩૭૫ |
| ૫ | ઘઉં | ૪૯૭ | ૫૦૩ |
| ૬ | તલ સફેદ | ૨૪૪૫ | ૨૬૬૫ |
| ૭ | એરંડા | ૯૪૫ | ૧૦૫૫ |
| ૮ | બાજરો | ૪૧૦ | ૪૫૦ |
| ૯ | જુવાર | ૬૮૦ | ૮૧૦ |
| ૧૦ | મગ | ૧૨૯૫ | ૧૫૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૩૭ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૬૨ |
| ૩ | ધાણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૪ | ૪૯૧ |
| ૬ | અજમા | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૭ | મેથી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૮ | તલ સફેદ | ૧૮૯૫ | ૨૬૫૦ |
| ૯ | સીંગફાડા | ૧૪૦૦ | ૧૪૯૬ |
| ૧૦ | સોયાબીન | ૮૪૦ | ૮૬૬ |
| ૧૧ | મગ | ૧૭૭૧ | ૧૭૭૧ |
| ૧૨ | એરંડી | ૧૦૭૬ | ૧૦૭૬ |
| ૧૩ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૪ |
| ૧૪ | રાય | ૧૦૦૦ | ૧૧૦૭ |
| ૧૫ | મકાઈ | ૪૯૦ | ૪૯૦ |
| ૧૬ | જુવાર | ૬૭૨ | ૬૭૨ |
| ૧૭ | તલ કાળા | ૨૮૬૧ | ૨૮૬૧ |


**સંકુલ ધો. ૬ થી ૧૨ કુમાર શાળા – પ્રવેશ ચાલુ**

**ધો. ૧૧ કોમર્સ & સાયંસ બાયોલોજી – મેથ્સ પ્રવેશ**

* સીટી અપડાઉન બોર્ડીંગ – માત્ર શિસ્તબધ્ધ ચારિત્રવાન કુમાર ને પ્રવેશ
* ધો. ૧૧-૧૨ સાયંસ JEE - NEET - GUJCET ડેઈલી નિ:શુલ્ક ક્લાસ
* ધો. ૧૦-૧૨ બોર્ડ A1 - A2 ગ્રેડ ને ધો. ૧૧-૧૨ 50% / 25% સ્કુલ ફી માફ / પરત
* ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિ છ ન પરિક્ષા – હોમ રીડીંગ રાઈટીંગ
* સંકુલ ગ્રેઈટ 5 - CBSE ન્યુ બિલ્ડીંગ – સેપરેટ કમ્પાઉન્ડ – બપોરની શીફ્ટ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 038


## જાહેરાત

**"ના વાંધા પ્રમાણપત્ર" (એન.ઓ.સી.) બાબતે જાહેર નોટીસ**

આથી જાહેરાત આપવામાં આવે છે કે અમો પ્રમુખ/મંત્રીશ્રી (સુચિત) શ્રી આધ્યાશક્તિ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ કો- ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી દુકાન નંબર ૧૧૪-૧૧૫, પંચનાથ મહાદેવની બાજુમાં જુનુ માર્કેટિંગ યાર્ડ, અમરેલી જી. અમરેલી ની હાલનું કાર્યક્ષેત્ર અમરેલી જીલ્લાના તમામ ગામો પુરતું હોય જેના નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ અમરેલીને દરખાસ્ત કરવામાં આવનાર હોય જેથી આ માટે જીલ્લામાં આવાજ પ્રકારની તમામ શરાફી મંડળીઓ તથા જીલ્લાની તમામ નાગરીક બેંકોના 'ના વાંધા પ્રમાણપત્ર" (એન.ઓ.સી.) મેળવવાના થતા હોય, જેથી આ (સુચિત) શ્રી આધ્યાશક્તિ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી નોધણી દરખાસ્ત સામે જો કોઈ વાંધા સુચનો હોય તો જાહેરાતની તારીખથી દિન-૧૦માં અમોને નીચેના સરનામે અથવા તો શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, અમરેલીના સરનામે ઉક્ત કચેરીને રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા ઉક્ત સમય મર્યાદામાં કોઈપણ વાંધા સુચનો ન રજુ થાય તો આપને કશું કહેવાનું નથી તેમ માની આપનું ના વાંધા પ્રમાણપત્ર' (એન.ઓ.સી.)મળી ગયા સમાન માની નોંધણીની દરખાસ્ત રજૂ કરવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી.

સ્થળઃ- અમરેલી

સેક્રેટરી તા. ૩૧.૦૫.૨૦૨૪

વાધા સ્વિકારવાનું સ્થળઃ (૧) શ્રી પ્રમુખ/મંત્રીશ્રી, (સુચિત) શ્રી આધ્યાશક્તિ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી. અમરેલી દુકાન નંબર ૧૧૪-૧૧૫, પંચનાથ મહાદેવની બાજુમાં જુનુ માર્કેટિંગ યાર્ડ, અમરેલી જી.અમરેલી.

**અથવા**

(૨) શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, બ્લોક-સી, ત્રીજો માળ અમરેલી.

### SITના રિપોર્ટમાં મોટો ખુલાસો

# એક વર્ષ પહેલા પણ આ જ કારણથી ગેમઝોનમાં લાગી હતી આગ

## ગેમ ઝોનમાં પહેલા માળે જવા આવવા માટે એક માત્ર ૪ ફૂટની લોખંડની સીડી રાખવામાં આવી હતી

રાજકોટ,તા.૩૧

રાજકોટમાં બનેલા ગેમઝોન અગ્નિકાંડની ઘટનાનો પ્રાથમિક રિપોર્ટ SIT એ સરકારને સોંપ્યો છે. SITના પ્રાથમિક રિપોર્ટમાં અનેક મોટી બેદરકારીઓ સામે આવી છે. ગેમે ઝોનમાં પહેલા માળે જવા આવવા માટે એક માત્ર ૪ ફૂટની લોખંડની સીડી રાખવામાં આવી હતી. જે દરવાજો બંધ થઈ જતાં સીડી પરથી નિકળવું અશક્ય હોવાથી વધુ લોકોના મોત નિપજ્યાં છે.પ્રથમ માળે બોલિંગ અને ટ્રેમ્પોલીનની ગેમ્સ રમાડવામાં આવતી હતી.આ એક માત્ર સીડીનો વીડિયો પણ સામે આવ્યો હતો. આ ઉપરાંત નીચેના માળે વેલ્ડીંગની કામગીરી ચાલી રહી છે અને બાજુમાં ફોમ શિટનો થપ્પો લગાવામાં આવ્યો હતો.

TRP ગેમ ઝોનમાં સપ્ટેમ્બર ૨૦૨૩માં પણ લાગી હતી. ત્યારે મવડી ફાયર સ્ટેશનના કર્મચારીઓએ આગ બૂઝાવવા માટે ઘટના સ્થળે આવ્યા હતા. RMCના ફાયર વિભાગ અને TP શાખાની ઘોર બેદરકારી સામે આવી છે.જો ૨૦૨૩માં રાજકોટ મનપાએ પગલા લીધા હોત તો આ દુર્ઘટના બની ન હોત.

RMCના ટીપી શાખાએ ૦૮/૦૬/૨૦૨૩ના રોજ બાંધકામ તોડી પાડવાની નોટીસ આપી હતી.છતાં ગેમઝોનના માલિકે બાંધકામ તોડ્યું ન હતુ. RMCના ટીપી શાખાએ પણ બાંધકામ તોડવાની કોઈ કાર્યવાહી કરી નહીં. જેમાં ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેરની સીધી બેદરકારી કરી છે. ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબાની ઘોર બેદરકારી સામે આવી છે.

આ ઉપરાંત ટીપી શાખાના TPO એમ.ડી. સાગઠિયાની સીધી બેદરકારી સામે આવી છે. મહાનગરપાલિકાના અધિકારીને બાંધકામ ગેરકાયદેસર હોવાની જાણ છતાં કેમ અજાણ રહ્યા? શું મનપાના અધિકારીઓને ગજવા ગેમઝોનના માલિક ગરમ કરી રહ્યા હતા? શું રાજકોટ મપના અધિકારીઓના ઘરે હપ્તા પહોંચી જતા હતા?

### કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કર્યો મોટો દાવો

# ઈન્ડિયા ગઠબંધનને ૨૭૩ કરતા વધુ બેઠકો મળશે

## ગઠબંધનના લોકો એક જગ્યાએ બેસશે, અને બધા નક્કી કરશે કે વડાપ્રધાન કોણ બનશે અને ગઠબંધન કેવી રીતે ચાલશે : ખડગે

નવી દિલ્હી, તા.૩૧

લોકસભા ૨૦૨૪ના સાતમાં અને છેલ્લા તબક્કાનું મતદાન શનિવારે (પહેલી જૂન) થવાનું છે. છેલ્લા તબક્કાના મતદાન પહેલા પ્રચારના પડઘમ શાંત પડી ગયા છે. ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઈન્ડિયા ગઠબંધનને કેટલી બેઠક મળશે તે અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. લોકસભાની ચૂંટણી હવે તેના અંતમાં છે અને ચૂંટણી પ્રચાર થંભી ગયો છે. ચૂંટણી પરિણામોની અટકળો વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એક ખાનગી ચેનલ સાથે વાત કરતા કહ્યું હતું કે 'આ ચૂંટણી ખૂબ જ મુશ્કેલ ચૂંટણી હતી. અમને જે અહેવાલો મળી રહ્યા છે તે મુજબ દેશમાં એવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે કે ગઠબંધન ભાજપથી આગળ છે, ભાજપ અને વડાપ્રધાન ચિંતિત છે.' આ ઉપરાંત કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે 'ઈન્ડિયા ગઠબંધન સાથે મળીને આ લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે.' આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે ગઠબંધનને ૨૭૩ કરતા વધુ બેઠકો મળશે. ગઠબંધનના લોકો એક જગ્યાએ બેસશે, અને બધા નક્કી કરશે કે વડાપ્રધાન કોણ બનશે અને ગઠબંધન કેવી રીતે ચાલશે. આ સાથે નીતિઓ શું હશે તે પણ ત્યારે જ નક્કી થશે. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના સાતમાં અને અંતિમ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ ચંડીગઢની કુલ ૫૭ બેઠકો પર મતદાન થશે. જેમાં પંજાબની તમામ ૧૩, હિમાચલની ૪, ઉત્તર પ્રદેશની ૧૩, બંગાળની ૯, બિહારની ૮, ઓડિશાની ૬ અને ઝારખંડની ૩ બેઠકોનો સમાવેશ થાય છે. લોકસભાની ૫૪૩ માંથી ૪૮૬ બેઠકો પર ૨૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મતદાન પૂર્ણ થઈ ગયું છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધની અરજી ફગાવાઈ

# વારાણસીથી મોદીની ઉમેદવારી રદ કરવાની અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી

## જસ્ટિસ સચિન દત્તાએ અરજીમાં અપ્રમાણિત આરોપો અને હેતુ ખોટો હોવાના કારણે ફગાવી દીધી હતી

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી હાઈકોર્ટે દેશમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં વારાણસી લોકસભા મતવિસ્તારમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉમેદવારી રદ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. જસ્ટિસ સચિન દત્તાએ અરજીમાં અપ્રમાણિત આરોપો અને હેતુ ખોટો હોવાના કારણે ફગાવી દીધી હતી. પાયલોટ કેપ્ટન દીપક કુમાર દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી, જેમણે દાવો કર્યો હતો કે મોદીએ ખોટા શપથ આપ્યા હતા કે તેઓ ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને વફાદારી રાખશે. ''૨૦૨૪ની સામાન્ય ચૂંટણી માટે વારાણસી મતવિસ્તારના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ રિટર્નિંગ ઓફિસર સમક્ષ ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને નિષ્ઠા રાખવા માટે ખોટા શપથ અથવા પ્રતિજ્ઞા રજૂ કરી હતી,'' પિટિશનમાં જણાવાયું હતું. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે મોદી કાવતરું ઘડી રહ્યા હતા અને આતંકવાદના કૃત્યમાં સામેલ હતા. તેમણે કહ્યું કે મોદીએ અરજદારને એક પ્લેન ક્રેશ કરીને મારવાનો પ્રયાસ કર્યો જેની કમાન્ડ તેઓ હતા. ''નરેન્દ્ર મોદી, અમિત શાહ, જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમના સાથીદારો ગુનાહિત તત્વ છે અને મોટા પ્રમાણમાં ભારતીય સમાજ માટે હાનિકારક હશે,'' કુમારે તેમની અરજીમાં જણાવ્યું હતું. વારણસીથી ઉમેદવાર મોદીએ ૦૮.૦૭.૨૦૧૮ ના ફ્લાઈટ એ આઈ ૪૫૯ માં ઘાતક અકસ્માતની યોજના બનાવીને રાષ્ટ્રીય સુરક્ષાને અસ્થિર કરવાનો પ્રયાસ કર્યો હતો,'' અરજીમાં જણાવાયું હતું. કુમારે માંગ કરી હતી કે મોદીના ખોટા શપથની અસરકારક અને સમયબધ્ધ રીતે તપાસ થવી જોઈએ અને જો આરોપો સાચા હોવાનું જણાય તો તેમને કોઈપણ જાહેર હોદ્દા પર રોક લગાવવી જોઈએ.

અગાઉ દિલ્હી હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૭ વર્ષ માટે ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. અરજીમાં વડાપ્રધાને આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યાની વાત કરવામાં આવી હતી. અરજીકર્તાએ પીએમ મોદી પર ઉત્તર પ્રદેશમાં ચૂંટણી જાહેર સભાને સંબોધિત કરતી વખતે આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. એડવોકેટ આનંદ એસ જોંધલે દ્વારા દાખલ કરાયેલી અરજીમાં વડાપ્રધાનને ૭ વર્ષ સુધી ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવવાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ સચિન દત્તાની સિંગલ બેન્ચે કહ્યું કે અરજદારે અગાઉથી જ સ્વીકારી લીધું છે કે આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન થયું છે. હાઈકોર્ટ ચૂંટણી પંચને કોઈ પણ ફરિયાદ પર વિશેષ વલણ અપનાવવા માટે નિર્દેશ જાહેર કરી શકે નહીં. કોર્ટે કહ્યું કે અરજદાર પહેલાથી જ ચૂંટણી પંચનો સંપર્ક કરી ચૂક્યો છે અને પંચ તેની ફરિયાદ પર સ્વતંત્ર રીતે વિચાર કરી શકે છે. ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા એડવોકેટ સિદ્ધાંત કુમાર દ્વારા આપવામાં આવેલી દલીલમાં કહેવામાં આવ્યું છે કે, ફરિયાદની નોંધ લઈને કાર્યવાહી કરવામાં આવશે અને આ અંગે જરૂરી આદેશો પસાર કરવામાં આવશે.

### અરવિંદ કેજરીવાલ ૨ જૂને તિહાર જેલમાં જશે

# જેલની અંદર રાષ્ટ્રીય રાજધાનીના વિકાસ માટે કામ કરશે કેજરીવાલ

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે કહ્યું કે તેઓ રવિવારે તિહાર જેલમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરશે. આમ આદમી પાર્ટીના વડા, જેઓ હાલમાં વચગાળાના જામીન પર બહાર છે, તેમણે દાવો કર્યો છે કે તેમના શરીરમાં તાજેતરમાં ગંભીર રોગના લક્ષણો જોવા મળ્યા છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે કોઈ ગંભીર રોગની શક્યતાને નકારી કાઢવા માટે તેમને મેડિકલ ટેસ્ટની બેટરીમાંથી પસાર થવાની જરૂર છે. તેણે દિલ્હીના લોકોને તેના બીમાર માતા-પિતાની સંભાળ રાખવાની પણ અપીલ કરી હતી. "સુપ્રીમ કોર્ટે મને ચૂંટણી પ્રચાર માટે ૨૧ દિવસનો સમય આપ્યો હતો. આવતીકાલે હું તિહાડ જેલમાં પાછો જઈશ. મને ખબર નથી કે આ લોકો મને આ વખતે કેટલો સમય જેલમાં રાખશે. પરંતુ મારા આત્મા ઊંચા છે. મને ગર્વ છે કે હું દેશને તાનાશાહીથી બચાવવા માટે જેલમાં જઈ રહ્યો છું, તેઓએ મને ઘણી રીતે તોડવાની કોશિશ કરી, પરંતુ તેઓ સફળ ન થયા જ્યારે હું જેલમાં હતો ત્યારે તેઓએ મને ઘણી રીતે ત્રાસ આપ્યો મારી દવાઓ બંધ કરી દીધી... મને ખબર નથી કે આ લોકો શું ઈચ્છતા હતા? અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું. અરવિંદ કેજરીવાલે કહ્યું કે તેઓ જેલમાં ગયા ત્યારથી તેમના શરીરનું વજન લગભગ ૧૦ ટકા ઓછું થઈ ગયું છે. તેણે કહ્યું કે તેને વચગાળાના જામીન પર છોડવામાં આવ્યો ત્યારથી તેનું વજન વધ્યું નથી. તેણે આશંકા વ્યક્ત કરી હતી કે વજન ઘટવું એ અંતર્ગત બિમારીનું લક્ષણ હોઈ શકે છે. "જ્યારે હું જેલમાં ગયો ત્યારે મારું વજન ૭૦ કિલો હતું, આજે તે ૬૪ કિલો છે. જેલમાંથી છૂટ્યા પછી પણ મારું વજન નથી વધી રહ્યું. ડૉક્ટર્સ કહી રહ્યા છે કે આ શરીરમાં કોઈ ગંભીર બીમારીનો સંકેત પણ હોઈ શકે છે. ઘણા પરીક્ષણો કરવાની જરૂર છે," કેજરીવાલે કહ્યું.આમ આદમી પાર્ટીના વડાએ કહ્યું કે તેઓ બપોરે ૩ વાગ્યે તિહાર જેલ માટે તેમના ઘરેથી નીકળી જશે. કેજરીવાલે શપથ લીધા કે તેઓ જેલની અંદરથી જ રાષ્ટ્રીય રાજધાનીના વિકાસ માટે કામ કરશે."શક્ય છે કે આ વખતે તેઓ મને વધુ ત્રાસ આપે, પણ હું ઝૂકીશ નહીં... હું જ્યાં પણ રહું, અંદર કે બહાર. હું દિલ્હીનું કામ અટકવા નહીં દઉં. તમારી મફત વીજળી, મોહલ્લા ક્લિનિક, હોસ્પિટલ, મફત. દવાઓ, સારવાર, ૨૪ કલાક વીજળી અને અન્ય ઘણી વસ્તુઓ ચાલુ રહેશે અને હું પણ દરેક માતા અને બહેનને દર મહિને ૧૦૦૦ રૂપિયા આપવાનું શરૂ કરીશ આજે હું તમારા પરિવાર માટે કંઈક માંગું છું. મારી માતા ખૂબ જ બીમાર છે, હું જેલમાં મારા માતા-પિતાનું ધ્યાન રાખું છું, તેમના માટે પ્રાર્થના કરું છું. અરવિંદ કેજરીવાલ અને ઘણા છઈઁ નેતાઓ પર ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓના જૂથના હિતોની તરફેણ કરતી દારૂની નીતિ ઘડવાના બદલામાં કિકબેક સ્વીકારવાનો આરોપ છે. આ મહિનાની શરૂઆતમાં, સુપ્રીમ કોર્ટે તેમને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના વાંધો હોવા છતાં જેલમાંથી ૨૧ દિવસની રાહત આપી હતી, જેથી તેમને ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટી માટે પ્રચાર કરવાની મંજૂરી આપી શકાય. આ અઠવાડિયાની શરૂઆતમાં, સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીનના વિસ્તરણની માંગ કરતી તેમની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો, એમ કહીને કે તેમને ટ્રાયલ કોર્ટમાં જવાની સ્વતંત્રતા છે. અરવિંદ કેજરીવાલે એક્સાઈઝ પોલિસી કેસમાં નિયમિત જામીન મેળવવા માટે ગુરુવારે દિલ્હીની કોર્ટમાં અરજી કરી હતી.

### રાજકોટ અગ્નિકાંડ બાદ અમદાવાદ મનપા એક્શનમાં

# અમદાવાદ મનપાએ વિવિધ એકમોમાં ફાયર સેફ્ટી, NOC સહિતના મુદ્દાઓ પર તપાસની ઝૂંબેશ હાથ ધરી

અમદાવાદ,તા.૩૧

રાજકોટના અગ્નિકાંડ બાદ અમદાવાદ મનપાએ વિવિધ એકમોમાં ફાયર સેફ્ટી, NOC સહિતના મુદ્દાઓ પર તપાસની ઝૂંબેશ હાથ ધરી છે. શનિવારથી શરૂ થયેલી મનપાની કામગીરી હજુ યથવાત છે.અત્યાર સુધીમાં મનપાએ કુલ ૪૭૬ એકમોમાં તપાસ કરી છે.જેમાં અત્યાર સુધી કુલ ૭૮ એકમો સીલ કરવામાં આવ્યા છે. રાજકોટના અગ્નિકાંડ બાદ અમદાવાદ મનપાએ વિવિધ એકમોમાં ફાયર સેફ્ટી, NOC સહિતના મુદ્દાઓ પર તપાસની ઝૂંબેશ હાથ ધરી છે. શનિવારથી શરૂ થયેલી મનપાની કામગીરી હજુ યથવાત છે.અત્યાર સુધીમાં મનપાએ કુલ ૪૭૬ એકમોમાં તપાસ કરી છે.જેમાં અત્યાર સુધી કુલ ૭૮ એકમો સીલ કરવામાં આવ્યા છે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ૨૩૨ સ્થળો પર તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૨૬ એકમો સીલ કરાયા છે. ૮ ટ્યુશન ક્લાસિસ , ૧૨ હોસ્પિટલ , ૪ પાર્ટી પ્લોટ અને ૨ હોટેલ સિલ કરવામાં આવી છે. આગામી સમયમાં પણ મનપાની આ ઝૂંબેશ યથાવત રહેશે. AMCના ટેપ્યુટી કમિશનરે કહ્યું કે ફાયર સેફ્ટી, NOC અને બીયુ પરમિશન મુદ્દે ચકાસણી થતી રહેશે.જો કોઈ ક્ષત્રિ સામે આવશે તો એકમો સામે કાર્યવાહી કરાશે.

### દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પહેલેથી જ કેરળમાં પહોંચ્યું

# ગુજરાતમાં ૧૫મી જુને ચોમાસાની પધરામણી થશે

## ચોમાસું હીટવેવમાંથી નોંધપાત્ર રાહત લાવશે તેવી અપેક્ષા

અમદાવાદ , તા.૩૧

ગુજરાતના રહેવાસીઓ, તે રેઈનકોટ અને છત્રીઓમાંથી ધૂળ કાઢવાનો સમય આવી ગયો છે! ભારતીય હવામાન વિભાગ એ આગાહી કરી છે કે ચોમાસું ૧૫ જૂનથી રાજ્યમાં આવશે, જે મે મહિના પછી ખૂબ જ જરૂરી રાહત લાવશે. દક્ષિણપશ્ચિમ ચોમાસું પહેલેથી જ કેરળમાં પહોંચી ગયું છે અને તે ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે, ટૂંક સમયમાં જ ગુજરાતને તેની ઠંડકમાં તરબોળ કરશે.મંગળવારે, IMD એ આગાહી કરી હતી કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૧૫ જૂન સુધીમાં ગુજરાતમાં સેટ થવાની ધારણા છે. જો કે, આગામી સાત દિવસમાં હવામાન શુષ્ક રહેશે. એક અલગ એડવાઈઝરીમાં, IMD એ આગામી બે દિવસમાં રાજ્યના મોટાભાગના ભાગોમાં લગભગ ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા "મજબૂત સપાટીના પવન"ની ચેતવણી આપી છે. એડવાઈઝરી ખાસ કરીને કચ્છ, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ધૂળના તોફાનોની સંભાવનાને પણ દર્શાવે છે. આ પરિસ્થિતિઓ અસ્થાયી વિક્ષેપોનું કારણ બની શકે છે અને રહેવાસીઓને જરૂરી સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે. અમદાવાદમાં, ગરમી ખાસ કરીને દમનકારી રહી છે, ગુરુવારે તાપમાન મહત્તમ ૪૨.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. આગામી ચોમાસું ચાલુ હીટવેવમાંથી નોંધપાત્ર રાહત લાવશે તેવી અપેક્ષા છે

### રાજકોટ અગ્નિકાંડનાં પગલે તંત્ર જાગ્યું

# ફાયર ઓફિસરની નિમણૂંકને લઈ ગુજરાત સરકાર એક્ટિવ થઈ

## સરકાર હવે ખાનગી એકમોમાં એક ખાનગી ફાયર ઓફિસરની નિમણૂંક કરવા આદેશ આપી શકે છે

ગાંધીનગર, તા.૩૧

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગમાં ૩૩ લોકોનાં મોત બાદ હાલ રાજ્ય સરકાર સફાળી જાગી છે. તેને અનુસરીને સરકારે કેટલાક ફેરફાર કરવાનો પણ નિર્ણય કર્યો છે. સરકાર હવે ખાનગી એકમોમાં એક ખાનગી ફાયર ઓફિસરની નિમણૂંક કરવા આદેશ આપી શકે છે. જે તે મોટા એકમો જ્યાં વધુ ભીડ એકઠી થાય છે તેવા એકમોમાં નિમણૂંક માટે આદેશ કરી શકે છે. રાજકોટમાં TRP ગેમિંગ ઝોનમાં ૨૫ મેના રોજ લાગેલી આગમાં કેટલાક લોકો જીવતા ભૂંજાઈ ગયા, કેટલાય પરિવારો વેરવિખેર થઈ ગયા. આ અગ્નિકાંડને પગલે હવે રાજ્યમાં તંત્ર સફાળું જાગી ગયું છે. ત્યારે હવે અલગ-અલગ જિલ્લાઓમાં તંત્ર દ્વારા ચેકિંગ હાથ ધરાયું છે અને ફાયર સેફ્ટી અને ફાયર NOC ન હોય એવા ઘણા એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે. ત્યારે હવે સરકાર ફાયર સેફ્ટીને લઈને નવા નિયમો બનાવવા પર વિચાર કરી રહી છે.

અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા પ્રિવેન્શન ઓફ ફાયર એક્ટમાં સુધારો કરવાની વિચારણા ચાલી રહી છે. હવે સરકાર વધુ ભીડ થાય તેવા એકમોમાં ફાયર ઓફિસરની નિમણૂંક કરવાનો આદેશ આપી શકે છે. કોમર્શિયલ એકમોએ પ્રાઈવેટ ફાયર ઓફિસરની ભરતી કરવી પડશે. આગ લાગવાની ઘટનામાં જવાબદારી ફાયર ઓફિસરની રહેશે. સરકારી વ્યવસ્થાઓ પર ભારણ ન વધે તે માટે સરકાર વિચારણા કરી રહી છે. એવા મોટા એકમો કે જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય, ભીડ થતી હોય એવા એકમોમાં ફાયર ઓફિસરની નિમણૂંક કરવાનો આદેશ કરી શકે છે. આવી જગ્યાઓમાં મોલ, મલ્ટીપ્લેક્સ, હોટેલ, સિનેમા હોલ, કોમ્યુનિટી હોલ સહિતના એકમોને આવરી લેવામાં આવશે. આવી જગ્યાઓ પર પ્રાઈવેટ ફાયર ઓફિસરની કરવી ભરતી પડશે. આમાં નિમણૂંક કરાયેલ ખાનગી ફાયર ઓફિસરની વિવિધ જવાબદારીઓ રહેશે. જેમાં ફાયરના સાધનો લગાવવાથી લઈને તેમાં ચેકિંગ અને જાળવણી જેવી જવાબદારીઓ રહેશે. સાથે જ સરકારી તંત્રનું ખાનગી ફાયર ઓફિસર અને જે તે એકમો પર પણ નિયંત્રણ રહેશે.


**સાયન્સ, કોમર્સ અને આર્ટસ વિદ્યાસભા પ્રવેશ શરૂ**

અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત

બેસ્ટ સ્કૂલ એવોર્ડથી સન્માનિત

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.મા.શાળા

65 YEARS

'વિદ્યાવિહાર', લાઠી રોડ, અમરેલી - ફોન નં.(૦૨૭૯૨)૨૩૦૫૧૧

સાયન્સ, કોમર્સ અને આર્ટસ

એડમિશન ઓપન ૨૦૨૪-૨૫

એડમિશન હેલ્પલાઈન નંબર : ૭૦૬૯૦ ૯૮૨૨૦

: વિશેષતાઓ :

- અનુભવી અને નિષ્ણાંત, તજજ્ઞ શિક્ષકોની ટીમ દ્વારા સતત વ્યક્તિગત માર્ગદર્શન.
- ૧૦૦ એકરમાં પથરાયેલ વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સુસજ્જ કુદરતી વાતાવરણ ધરાવતી શાળા.
- સ્માર્ટ ક્લાસ દ્વારા અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ કાર્ય ધરાવતું કેમ્પસ.
- અદ્યતન ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, કમ્પ્યુટર લેબ દ્વારા દરેક વિષયના ૧૦૦% પ્રેક્ટીકલ શિક્ષણ.
- ATL લેબ તથા D&T લેબ દ્વારા બાળકોને પ્રારંભથી માનસિક વિકાસ થાય તેવું એન્જિનિયરીંગ ક્ષેત્રનું જ્ઞાન.
- ૧૦,૦૦૦ હજારથી વધુ પુસ્તકો ધરાવતી વિશાળ લાઈબ્રેરીની સુવિધા.
- ડેઈલી ટેસ્ટ, યુનિટ ટેસ્ટ, રીવિઝન અને અભ્યાસના સોલ્યુશનની અલગથી વ્યવસ્થા દ્વારા વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન.
- ધોરણ-૧૧-૧૨ સાયન્સમાં કુલ-ડે સ્કૂલ.
- એક એવી સ્કૂલ કે જ્યાં વર્ષના શરૂઆતથી જ દરરોજ ૩ કલાક JEE-NEETના ક્લાસનું આયોજન.
- વર્ષ દરમિયાન ૧૫,૦૦૦ +MCQ ની તૈયારી
- નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, ટ્યુશન સહાય, સરકારશ્રી તરફથી મળતી સ્કોલરશીપનાં તમામ લાભ મળવાપાત્ર.
- CA, CS ના તેમજ ઉજ્જવળ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર.
- તમામ ક્લાસરૂમ તેમજ પરિસરમાં CCTV કેમેરા તથા ફાયર સેફ્ટીની સુવિધા.
- આ સિવાય ૧૦૦ એકરનાં વિશાળ કેમ્પસમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ સુવિધાઓની રૂબરૂ મુલાકાત માટે આવકારીએ છીએ.



**અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )**

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... **પ્રવેશ શરૂ**

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જ્યારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેક્ટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જ્યાં પુરી થાય, ત્યાંથી સનફ્લાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in




## રાજય સરકાર માત્ર ફાયર સેફટી નહી બલ્કે તમામ ગેરરીતિ સામે કરે કાર્યવાહી

# નશાનું વેચાણ કરનારાઓ, મિલાવટખોરો, બનાવટખોરો પર તૂટી પડો

**સરકારનું સમગ્ર વહીવટીતંત્ર આળશ મરડીને ઉભુ થયું હોય તમામ બે નંબરનાં ધંધાઓ પર તૂટી પડવાની જરૂર**

**સમાજમાં ફેલાયેલ વિવિધ ગેરરીતિ, જોહુકમી, નફાખોરી, માફિયાગીરી સામે પણ લાલ આખં કરવી જરૂરી**

**રાજયનાં મુખ્યમંત્રીએ હવે રાજયની ૭ કરોડની જનતાને પરેશાન કરતાં પરિબળો સામે કાર્યવાહી કરવી જરૂરી**

**રાજયની કરોડો સંખ્યાની જનતામાં સરકારમાં વિશ્વાસ ઉભો થાય તે માટે કામગીરી કરવી પડશે**

અમરેલી, તા. ૩૧

રાજકોટનાં અગ્નિકાંડ બાદ રાજય સરકાર અને સમગ્ર તંત્ર આળશ મરડીને બેઠું થયું છે અને અગ્નિકાંડમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ જવાબદાર છે તેમની સામે કાર્યવાહી થઈ રહી છે. તે જોતા રાજયની જનતાને હવે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમની સરકાર પર ક્રમશઃ ભરોસો વધી રહ્યો છે અને આ કાર્યવાહીમાં ચમરબંધીને પણ છોડવામાં ન આવે તેવું પણ જનતા ઈચ્છી રહી છે.

રાજકોટનાં અગ્નિકાંડ બાદ માત્ર સમગ્ર રાજયનું વહીવટીતંત્ર આળશ મરડીને બેઠુ થયું છે અને વર્ષોની આળશ દૂર થઈ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ત્યારે મુખ્યમંત્રીએ ફાયર સેફટીની સાથે રાજયમાં નશાકારક પદાર્થોનું વેચાણ કરનારાઓ, મિલાવટખોરો, સંગ્રહખોરો, નફાખોરો અને બનાવટ ખોરો પર પણ તૂટી પડવાની જરૂર છે.

જનતાનાં આરોગ્ય સામે રમત રમતા અનેક લેભાગુઓ દૂધ, ઘી, માખણ, મસાલા, ઘી સહિતનાં ખાદ્ય

**અનુસંધાન પાના ૬ ઉપર**

### જાફરાબાદનાં મોટા માણસા ગામનાં

## ખેડૂતોને વિશ્વાસમાં લીધા વગર ગેસ કંપનીએ કામગીરી શરૂ કરી દીધી

**ખેડૂતોએ રાજુલાનાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું**

અમરેલી, તા. ૩૧

જાફરાબાદનાં મોટા માણસા ગામનાં ખેડૂતોએ રાજુલાનાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, જાફરાબાદનાં મોટા માણસા ગામની ખેતીની જમીન ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ ગાંધીનગર ધ્વારા જમીનનાં વપરાશી હકક સંપાદન કરી ભુગર્ભમાં ગેસ લાઈન બિછાવી કુદરતી ગેસનું પરિવહન કરી લોઠપુરથી બધી ગેસ પાઈપલાઈન નાખવાનું કામ થઈ રહ્યું છે. અમારી જમીનનો સંપાદન એવોર્ડ હજુ સુધી કરવામાં આવેલ નથી તથા અમોને વળતરની કોઈ રકમ આજદિન સુધી ચુકવવામાં આવેલ નથી અને તદન ગેરકાયદેસર રીતે અમારા ખેતરમાં પાઈપલાઈન નાખવાનું કામ થઈ રહ્યું છે. જેના મશીનના કારણે અમારી જમીનને નુકસાન થઈ રહ્યું છે. અમો જમીન વાવી શકીએ તેવી સ્થિતિમાં નથી અમારા

**અનુસંધાન પાના ૬ ઉપર**



### ફાયર સેફટીનો અભાવ હોવાથી કાર્યવાહી કરાઈ

## અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડ નજીક અને હરિરોડ ઉપરનાં કોમ્પ્લેક્ષને સિલ મારી દેવાયું

**રાજકોટનાં અગ્નિકાંડ બાદ સતત ફાયર સેફટીની કામગીરી**



અમરેલી, તા. ૩૧

અમરેલીમાં છેલ્લા ૪ દિવસથી સતત ફાયર સેફટીની ચકાસણી, નોટિસ અને સિલીંગની કામગીરી ફાયર વિભાગ ધ્વારા કરવામાં આવી રહી છે. આજે નાગનાથ બસ સ્ટેન્ડ નજીક આવેલ આકાર કોમ્પ્લેક્ષ અને હરિરોડ પર આવેલ બુરહાની શોપિંગ સેન્ટરમાં ફાયર સેફટીનો અભાવ હોવાથી ફાયર વિભાગે તેને સિલ મારી દેતા વેપાર–ધંધા ઠપ્પ થઈ ગયા છે.

### બાબરા નજીક આવેલ

## નાની કુંડળ ગામે જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીને પોલીસે ઝડપ્યા

અમરેલી, તા. ૩૧

બાબરા તાલુકાનાં નાની કુંડળ ગામે રહેતા હિંમતભાઈ ઉકાભાઈ ઓળકીયા, હિંમતભાઈ વીરજીભાઈ જાદવ, ભીખાભાઈ લખમણભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### રમેશભાઈ ભીલ નામનાં યુવકનું મોત થયું

## અમરેલીનાં નાના આંકડીયા ગામનાં યુવકે લગ્ન ન થવાથી આત્મહત્યા કરી

**ગામની વાડીનાં કૂવામાં ઝંપલાવી અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૩૧, બોરસદ તાલુકાનાં કાવીડા ગામે રહેતા રમેશભાઈ વરસીંગભાઈ ભીલ નામનાં ૩૧ વર્ષિય યુવકનાં લગ્ન આજદીન સુધી થયેલ ન હોય. જેથી હવે પોતાના લગ્ન થશે નહી અને કુંવારા જ રહેશે તેવું મનમાં લાગી આવતા ગત તા. ૩૦નાં રોજ ૪ વાગ્યે નાના આંકડીયા ગામની સીમમાં આવેલ ભીખાભાઈ પ્રાગજીભાઈ ડોબરીયાની વાડીએ યુવકે પોતે પોતાની મેળે કૂવામાં પડી જતાં પાણીમાં ડૂબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.





















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)